બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં જેણે અભ્યાસ કરેલો એવા એક યુવાન અંગ્રેજ સાધકને પોતાના દેશમાં પાછા ફરતાં પહેલાં માતાજી સાથે વાર્તાલાપ થયો. બીજી કેટલીક બાબતો વિષે વાતો થતી હતી તેમાં માતાજીએ તેને કહ્યું; ''તમે ગમે ત્યાં હો, ગમે તે કરતા હો, પરમાત્માનું ધ્યાન ધરજો. તમે જે કંઈ જુઓ, જે કંઈ સાંભળો તે એનું જ પ્રાકટ્ય છે, તે યાદ રાખજો. તમે જુદા છો તેમ માનીને ચાલો છો માટે દુઃખનું અસ્તિત્વ છે. કોઈને તમારી જાતથી જુદા ન માનો. પ્રત્યેકને તમારા મિત્ર માનો. તમારી જાતને પરમાત્માનું યંત્ર માનો અને એ તમને ચલાવનાર છે તેમ વિચારો. તમારી જાતનું સમર્પણ કરો, પ્રતિક્ષણ એ તમને દોરે છે એવી લાગણી અનુભવો. તમે ચાલો ત્યારે પણ એવી લાગણી અનુભવો કે એ તમારા ચરણને ગતિ આપે છે.

તમે જે કંઈ કાર્ય કરો તે એને અર્પણ કરો. પછી તમારામાં કોઈ હીન ભાવનાની શક્યતા રહેશે જ નહીં, કારણકે તમારા પ્રિયને તમે કેવી રીતે કંઈ પણ વિરૂપ હોય તે અર્પણ કરી શકો? જે કંઈ થોડું ઘણું જ્ઞાન તમે મેળવ્યું હોય તે એને સમર્પિત કરી દેવાનું છે અને બદલામાં, તમારી પાસે કશું જ નહીં હોય તે કારણે, તમને બધું જ આપશે.

જે મંત્રનું તમે વારંવાર ઉચ્ચારણ કરો છો તે નાદબ્રહ્મ સ્વરૂપ છે. માટે તમે જ્યારે જપ કરો ત્યારે તમે એની સાથે હો છો, તે છે સત્સંગ. તેથી પ્રતિક્ષણ કાં તો જપ કરો અથવા તો ધ્યાન કરો. બધાંના, પ્રત્યેકના ઐક્ય-અદ્વૈત વિષે ચિંતન કરો. તેની બહાર કશું હોઈ શકે નહીં. જે કંઈ અસ્તિત્વ ધરાવે છે તે દુનિયાને બનાવવા માટે જરૂરી છે. એક આંગળી જ માત્ર ન હોય તોય તમે એ માણસને અપંગ કહો છો! માટે તેનાથી ભિન્ન કશું જ ન જુઓ- તમારી જાતથી જુદું કશું ન જુઓ. પછી તમને ગુસ્સો નહીં આવે. તમે તમારી પોતાની જાત પ્રત્યે, તમારા પ્રિયતમ પ્રત્યે ગુસ્સે કેવી રીતે થઇ શકો?

તમે ધ્યાનમાં હતા ત્યારે પરમાત્માની સાથે હતા તેમ વિચારો, પછી તેની તમને પોતાને જાણ હોય કે ન હોય. સાધના માટે એક સ્થળ અલગ

રાખો. પુષ્પની સુગંધ ચોપાસ પ્રસરે છે તેમ પરમાત્માનો પરિમલ તમારા ધ્યાન દ્વારા ઉત્પન્ન થશે અને હવાની લહેરીઓ તેને ક્યાં ક્યાં લઈ જશે તેની તમને ખબર ક્યાં છે !''

''લસણ અને કાંદા ખાવાનું ટાળવું શા માટે જોઈએ?''

''કારણ કે એ મનને જુદી દિશામાં લઈ જાય છે, ઉપર લઈ જવાને બદલે નીચે લાવે છે.

''અને સામિષાહાર?''

''માંસ પણ ટાળવું જોઈએ. તમારો દેહ માંસ-મજ્જાનો ઘડાયેલો તો છે જ, સ્થૂળ છે, તમે માંસાહાર કરવાથી વધુ સ્થૂળ બનશો. એ તમને દુન્યવી સ્તરે જ જકડી રાખશે. તમારી આકાંક્ષા તો દિવ્ય બનવાની છે.''

''માંસ ખાવામાં અનૈતિકતા આવે છે ખરી?''

''ચોક્કસ, મારી નાખવું તે પાપ છે.''

''માત્ર સાધક માટે કે પછી સહુ કોઈને માટે?''

''સહુ કોઈને માટે.''

''હું ઇંગ્લેન્ડ પાછો ફરું છું. કેમ કે મારી ગેરહાજરીથી મારા માતા-પિતા દુઃખી થયા છે. પરંતુ મારે કેટલે અંશે તેમની ઈચ્છા માનવી? એ લોકો હું લગ્ન કરીને ઠરીઠામ થાઉં એવી અપેક્ષા રાખે છે.''

''તમારી ઈચ્છા હોય તો તમે પરણી પણ શકો, જો કે તમે અનંત સંસારચક્રમાં ફસાઈ જાઓ. પરંતુ યાદ રાખજો કે પુરાતન સમયમાં ઋષિઓ ગૃહસ્થ હતા. પત્નીની સાથે દિવ્યતાની આકાંક્ષાનું અનુસંધાન નિરંતર રાખજો. પણ તમારે લગ્ન ન કરવા હોય તો કોઈ તમને પરાણે કરાવી શકશે નહિ. તમે લગ્ન કર્યા વિના ચિત્તને શુદ્ધ રાખી શકો તો વધારે સારું.''

''મારે મારા પિતાની મિલકત અને જાગીરનું કામ સંભાળવું જોઈએ કે પછી ભારતીય અને આફ્રિકન લોકોના કલ્યાણનું કામ?''

''ત્યાં તમે જવાના જ છો તો કામ શા માટે ન કરવું? પરંતુ તમને બંધનમાં નાખી દે એવું કામ ન સ્વીકારશો.''

"હું ઘરે પહોંચીશ તે પછી મને રેડિયો પર, મંડળોમાં, સભાઓમાં ભારત વિષે વાર્તાલાપ આપવાનું કહેવામાં આવશે. મારે આવી વિનંતીને પ્રતિસાદ આપવો જોઈએ કે પછી મૌન સેવવું જોઈએ?"

"તમારે નિશ્ચિતપણે પ્રતિસાદ આપવો જોઈએ. તમારા સંભાષણનો આરંભ કરતા પહેલાં મનોમન પરમાત્માને પ્રણામ કરીને એમને પ્રાર્થના કરો કે તમે એમના યંત્ર બની રહો. પછી તમારા દેશવાસીઓને કહો કે પશ્ચિમમાં જેમ આજીવિકા મેળવવા માટે લોકોને જુદા જુદા હુન્નર ઉદ્યોગોની કેળવણી આપવાનાં જાતજાતનાં સાધનો શોધાયાં છે, તેમ ભારતે પણ આદિ કાળથી પોતાની શક્તિનો ઉપયોગ મનુષ્ય જીવનનાં ચરમ લક્ષ્ય એવા આત્મ સાક્ષાત્કાર પ્રત્યે લઈ જતા અનંત માર્ગોની ખોજમાં કર્યો છે."

❑ ◆ ❑

**પ્રણામ વિષે :** નવેમ્બર ૧૫, ૧૯૫૦

માતાજી પ્રણામ કરવા વિષે બોલતાં હતાં. તેમણે કહ્યું; "જ્યારે જ્યારે પ્રણામ થતા હોય છે ત્યારે ત્યારે શક્તિની આપ-લે અચૂક થતી હોય છે. જેને પ્રણામ કરવામાં આવે એના ગુણો, સારા કે ખરાબ, પ્રણામ કરનારમાં સંક્રાંત થાય છે, પછી પ્રણામ ખરા હૃદયથી કરવામાં આવ્યા હોય કે કેવળ ઉપર ઉપરથી. તેથી જ્યારે અધ્યાત્મપથમાં આગળ વધેલી વ્યક્તિને પ્રણામ કરવામાં આવે ત્યારે શ્રદ્ધા અને આદરપૂર્વક કર્યા હોય કે ન કર્યા હોય તો પણ તેને પ્રણામ કરવાની ક્રિયામાત્રથી તેનામાંનું કશુંક તમારામાં પ્રવેશશે. જ્યારે કોઈ પોતાનાં મા-બાપને પ્રણામ કરે છે ત્યારે એ સાચા પ્રેમ અને આદરની અભિવ્યક્તિ હોય છે. તેથી એમને પ્રણામ કરવા લાભદાયી છે."

**કોઈએ પૂછ્યું:** "ધારો કે કોઈ દેખીતી રીતે સંત હોય પરંતુ હકીકતે દુષ્ટ હોય એવાને પ્રણામ થઈ જાય તો તેના પર તેની અવળી અસર થાય ને? તેનાથી બચવા માટે શું કરવું જોઈએ?"

**માતાજી :** જેને પ્રણામ કરો તેને પરમાત્મા સમજો. દરેક વ્યક્તિ સારી હોય કે ખરાબ, "એનું" જ સ્વરૂપ છેઃ તમે જો આ યાદ રાખીને કોઈ પણ સ્વરૂપમાં જે એક જ અંદર બેઠો છે તેને પ્રણામ કરશો તો

તમને કોઈ નુકસાન નહીં થાય.

**પ્રશ્ન :** પરંતુ દુષ્ટને પ્રણામ કરવાનાં પરિણામો કઇ રીતે ટાળી શકાય?

**માતાજી :** પરમાત્માને પ્રણામ કરવાનો ભાવ રાખવાથી. પ્રણામ હંમેશાં આવી મનોવૃત્તિથી થવા જોઈએ.''

❑ ◆ ❑

**સોલન** ૮મી જૂન ૧૯૫૨

**કોઈએ કહ્યું:** ''મા, આશીર્વાદ એટલે શું?''

**મા :** ''તમે જ્યારે કોઈ આદરણીય વ્યક્તિને કે કોઈ સંન્યાસીને ખરા મનથી પ્રણામ કરો છો ત્યારે તે વ્યક્તિમાંથી પ્રેમનો એક વિદ્યુતપ્રવાહ વહેવા લાગે છે. આ પ્રવાહ તમારા વિઘ્નો અને અંતરાયોને દૂર કરીને તમારું મંગલ અને તમારું કલ્યાણ કરે છે, એ તમારા લક્ષ્ય સુધી તમે પહોંચો તે માટેનું બળ આપે છે. શક્તિ તો હંમેશા હોય જ છે પરંતુ તેની સાથે તમારો સંપર્ક થવાથી સંવાદિતા સ્થપાય છે અને દ્વૈતભાવ દૂર થાય છે. જેમ વૃક્ષને જલ સિંચન કરવાથી ફળ લાગે છે તેમ આશીર્વાદ રૂપી જળના અભિષેકથી તમારી શક્તિનો વિકાસ થાય છે.''

''પ્રણામ કરતી વખતે શ્વાસ લેવાની સાથે જ વ્યક્તિ પરમાત્મશક્તિને પોતાની અંદર આવકારે છે, પ્રાપ્ત કરે છે, પામે છે અને ઉચ્છવાસ કાઢતી વખતે વ્યક્તિએ એવી ભાવના રાખવી જોઈએ કે પોતે પોતાના અહંકારને બહાર કાઢે છે અને શક્ય તેટલો સમય કુંભકમાં રહેવું જોઈએ. કોઈ જીવંત વ્યક્તિને કે વિગ્રહને પ્રણામ કરતાં પહેલાં પોતાના આદરણીય પાત્રને નિરખવું જોઈએ એના દર્શન કરવાં જોઈએ, જેથી એને પ્રણામ કરવાનો અધિકાર પ્રાપ્ત થાય.''

''આ શરીર જ્યારે સાધનાનો ખેલ ખેલતું હતું ત્યારે જે હાથ અન્ન અર્પણ કરે તે અર્પણ કરેલા અન્નની સાથે અને અર્પણની ક્રિયા સાથે એકરૂપ થઈ જતું અને તેથી આ શરીર કલાકો સુધી નિશ્ચલ પડ્યું રહેતું. કેટલીય લાલ કીડીઓ ભેગી થઈને અર્પણ કરેલો ખોરાક ખાતી, આ શરીર

તમને કોઈ નુકસાન નહીં થાય.

**પ્રશ્ન** : પરંતુ દુષ્ટને પ્રણામ કરવાનાં પરિણામો કઇ રીતે ટાળી શકાય?

**માતાજી** : પરમાત્માને પ્રણામ કરવાનો ભાવ રાખવાથી. પ્રણામ હંમેશાં આવી મનોવૃત્તિથી થવા જોઈએ.''

❑ ◆ ❑

**સોલન** ૮મી જૂન ૧૯૫૨

**કોઈએ કહ્યું**: ''મા, આશીર્વાદ એટલે શું?''

**મા** : ''તમે જ્યારે કોઈ આદરણીય વ્યક્તિને કે કોઈ સંન્યાસીને ખરા મનથી પ્રણામ કરો છો ત્યારે તે વ્યક્તિમાંથી પ્રેમનો એક વિદ્યુતપ્રવાહ વહેવા લાગે છે. આ પ્રવાહ તમારા વિઘ્નો અને અંતરાયોને દૂર કરીને તમારું મંગલ અને તમારું કલ્યાણ કરે છે, એ તમારા લક્ષ્ય સુધી તમે પહોંચો તે માટેનું બળ આપે છે. શક્તિ તો હંમેશા હોય જ છે પરંતુ તેની સાથે તમારો સંપર્ક થવાથી સંવાદિતા સ્થપાય છે અને દ્વૈતભાવ દૂર થાય છે. જેમ વૃક્ષને જલ સિંચન કરવાથી ફળ લાગે છે તેમ આશીર્વાદ રૂપી જળના અભિષેકથી તમારી શક્તિનો વિકાસ થાય છે.''

''પ્રણામ કરતી વખતે શ્વાસ લેવાની સાથે જ વ્યક્તિ પરમાત્મશક્તિને પોતાની અંદર આવકારે છે, પ્રાપ્ત કરે છે, પામે છે અને ઉચ્છવાસ કાઢતી વખતે વ્યક્તિએ એવી ભાવના રાખવી જોઈએ કે પોતે પોતાના અહંકારને બહાર કાઢે છે અને શક્ય તેટલો સમય કુંભકમાં રહેવું જોઈએ. કોઈ જીવંત વ્યક્તિને કે વિગ્રહને પ્રણામ કરતાં પહેલાં પોતાના આદરણીય પાત્રને નિરખવું જોઈએ એના દર્શન કરવાં જોઈએ, જેથી એને પ્રણામ કરવાનો અધિકાર પ્રાપ્ત થાય.''

''આ શરીર જ્યારે સાધનાનો ખેલ ખેલતું હતું ત્યારે જે હાથ અન્ન અર્પણ કરે તે અર્પણ કરેલા અન્નની સાથે અને અર્પણની ક્રિયા સાથે એકરૂપ થઈ જતું અને તેથી આ શરીર કલાકો સુધી નિશ્ચલ પડ્યું રહેતું. કેટલીય લાલ કીડીઓ ભેગી થઈને અર્પણ કરેલો ખોરાક ખાતી, આ શરીર

**પ્રશ્ન** : પ્રણામ કરવાની યોગ્ય રીતે કઈ ?

**માતાજી** : કોઇ સંત-મહાત્માને કે દેવી-દેવતાને પ્રણામ કરતી વખતે સહુથી પહેલાં એમની સમગ્ર આકૃતિનાં દર્શન કરો. ધીરે ધીરે ઊંડો શ્વાસ લેતાં લેતાં ચરણથી પ્રારંભ કરીને છેક મસ્તક સુધી તમારી દૃષ્ટિને યાત્રા કરવા દો. જેને નમો છો એની શક્તિને તમારા શ્વાસની સાથે સાથે તમે તમારામાં ઝીલીને સંચિત કરી રહ્યા છો તેવી કલ્પના કરો. પછી ઉચ્છ્‌વાસ કાઢતા કાઢતા દૃષ્ટિને ફરી મસ્તકથી ધીમે ધીમે ચરણો પર ઊતરવા દો, સાથે સાથે તમારું સારું નરસું જે કંઈ હોય તે ભગવાનને ધરો. નિઃશેષ સમર્પણ કરવાનો પ્રયત્ન કરો, પૂરેપૂરા ઠલવાઈ જાઓ, ખાલી થઈ જાઓ, કશું બાકી ન રાખો. જ્યારે તમારું મસ્તક તે દેવ અથવા સંતના ચરણોને સ્પર્શે છે ત્યારે એમની શક્તિ તમારા મસ્તકમાં પ્રવેશ કરે છે. મનુષ્યનું મુખ્ય અંગે મસ્તક કહેવાય છે. જ્યારે તમે એમનો ચરણ-સ્પર્શ કરો અને એમનો હાથ તમારા મસ્તક પર મૂકાય છે ત્યારે એમની આંગળી દ્વારા શક્તિ તમારામાં સંક્રાંત થાય છે.

જુલાઇ ૧૯, ૧૯૫૧

**પ્રશ્ન** : જ્યારે આપ પોતે હાજર છો તો પછી બધાં આપના ચિત્રને કેમ પૂજે છે?

**માતાજી** : જ્યારે આ શરીર સાધનાની લીલામાં વ્યસ્ત હતું ત્યારે કોઈ એની પાસે અત્યંત શ્રદ્ધાપૂર્વક જાય તો પણ જાણે કે ગુંગળામણ થતી હોય તેવો અનુભવ થતો. જો કોઈ આવીને મારાં ચરણને સ્પર્શે તો હું બદલામાં સામે તેનાં ચરણોનો સ્પર્શ કરતી. એક દિવસ ભાઈજીએ મને પ્રણામ કર્યા ત્યારે મેં તેમને પ્રણામ કર્યા. કહેવાની જરૂરી નથી કે એ તો ભાગી નીકળ્યા. પણ ક્યાં જાય? હું વીજળીની જેમ પાછળ દોડી અને તેને પકડીને પ્રણામ કર્યા. દિવ્ય શક્તિની લીલા તો જુઓ! એ છટકી ન શક્યા. પરંતુ પછીનો એક સમય એવો પણ હતો કે કોઈ મારા મસ્તક કે ચરણને સ્પર્શે તેનાથી કોઈ ફેર પડતો ન હતો. એક વખત

અનેક લોકોના સ્પર્શવાને કારણે આ શરીરના પગ આળા થઈ ગયા હતા. પછી એવુ પણ બનતું કે હું જ્યારે ચાલતી હોઉં ત્યારે કોઈ પ્રણામ કરવા માટે થઈને મને બળપૂર્વક રોકે. ફરીથી એક વખત એવો આવ્યો કે સાધકનો પાઠ ભજવતી હતી ત્યારે કોઈ પુષ્પ અર્પણ કરે કે ગળે હાર પહેરાવે તો આ શરીરને તો જાણે પક્ષઘાત થયો ન હોય તેવું જડ થઈ જતું. વળી એક સમયે કોઈ ભક્ત મારાં ચરણ તેના મસ્તકે ધરે તો આ શરીરને વિદ્યુત પ્રવાહનો અનુભવ થતો. એક વાર તો જાણે કે આખા શરીર પર દાહ થતો હોય તેવું, દાઝી જતું હોય તેવું લાગ્યું હતું. તે પછી કોઈ વ્યક્તિ પગ પર ફક્ત પોતાનો હાથ મૂકે તો શ્વાસ રોકાઈ જતો; વળી બીજા કેટલાક પ્રસંગે લોકો ચરણસ્પર્શ કરે કે હાથ પકડી લે તો પણ જરાય ફર્ક પડતો નહીં. કોઈ આ શરીરની સામે જમીન પર ઝૂકીને પ્રણામ કરે તો યે એ તો એમ જ આરામથી બેસી રહેતું, સાવ નિર્વિકાર - તે એટલી હદે કે કોઈ એમ કહે જુઓ ને કેવા મહંતની જેમ ગૌરવથી બેઠાં છે! ક્યારેક એવું બને છે કે લોકો આ શરીરની પૂજા કરે, આરતી ઉતારે અને કોઈ નિરીક્ષણ કરે: ''જોયું ને! એ કેવા પુજા અને પ્રેમાદરનો સ્વીકાર કરે છે!''

એ એક જ છે પછી લોકો જે ઈચ્છે તે કરવા દેવામાં શું વાંધો? પોતે જો દ્વૈતભાવમાં રહેતાં હોઈએ અને સર્વમાં એકને ન જોતાં હોઈએ ત્યારે તે સમયે લોકોને પૂજા વગેરે કરવા દેવું ખોટું છે.

❑ ◆ ❑

**પંજાબમાં જન્મોત્સવની ઊજવણી :**

૧૯૫૧માં માતાજીના જન્મોત્સવની ઉજવણી પંજાબમાં થઈ. ઉજવણીનો સમય પંજાબના કેટલાક નગરોની વચ્ચે વહેંચવામાં આવ્યો હતો. તેથી માતાજી દરેક નગરમાં થોડા થોડા દિવસ રહ્યા. અંબાલામાં ઉજવાયેલા અંતિમ ઉત્સવના મેળાવડા પહેલાં દોરાહા નામના ચારેબાજુ ખેતરોથી ઘેરાયેલા નાનકડા ગામમાં ત્રણેક દિવસનો મુકામ કર્યો. એ ખૂબ હરિયાળી સીમાઓવાળું ગામડું છે. માતાજી નહેરને કિનારે કિનારે સાંજે ચાલવા નીકળતાં અને થોડો વખત એકાદ વૃક્ષની છાયામાં કોઈ એકાંત

સ્થાન પર બેસતાં અને અમારી નાનકડી મંડળી એમની આજુબાજુ વીંટળાઈને બેસતી. પછી એ સહજ ભાવે જે કંઈ પૂછતાં તેના માતાજી ઉત્તરો આપતાં. એક સંધ્યા સમયે એક સંન્યાસીને માતાજી સાથે રસપ્રદ ચર્ચા થઈ. એણે કહ્યું કે કેટલીક પંજાબી સન્નારીઓએ તેમની પાસે જઈને કેટલાક પ્રશ્નો પૂછ્યા હતા. તે સંન્યાસી જાણવા માગતા હતા કે પોતે આપેલા જવાબો બરાબર છે કે કેમ. એક પ્રશ્ન આ પ્રમાણે હતો: ''કુટુંબમાં વિખવાદ થાય ત્યારે સ્ત્રીએ શું કરવું જોઈએ? તેણે પોતાના પતિનો પક્ષ લેવો જોઈએ, પિતાનો પક્ષ લેવો જોઈએ કે સસરાનો પક્ષ લેવો જોઈએ? મેં તેમને કહ્યું કે હંમેશા કોઈ પણ સંજોગોમાં પોતાના પતિને ટેકો આપવાની પત્નીની ફરજ છે. ખરી વાત?''

''હા, ખરું'' માતાજીએ કહ્યું; ''પરંતુ બીજી બાજુ તેના સસરા તેના પતિના ગુરુ કહેવાય અને પોતાના પિતા વડીલ કહેવાય એટલે તેમને આદર આપવો જ જોઈએ. તેથી તે સ્ત્રીના અંતઃકરણમાં બેઠેલા પરમાત્મા તેને જે પક્ષ લેવાની પ્રેરણા કરે તે તેને માટે સાચું.''

''તે પછી'' તે સંન્યાસીએ આગળ ચલાવ્યું, ''એ બહેનોએ મને એવું કહ્યું કે એ લોકો દરેક બાબતમાં પરાવલંબી છે, બંધાયેલાં છે. પોતાની આવી સ્થિતિને સુધારવા માટે એ લોકો શું કરી શકે? મેં તેમને કહ્યું કે તેમાં કંઈ થઈ શકે નહીં, દરેક વ્યક્તિને ક્યાંક ને ક્યાંક કશુંક અવલંબન તો હોય જ છે. અમે સંન્યાસીઓને ગુરુ, ધર્મ વગરેનું અવલંબન છે. પ્રત્યેક મનુષ્ય બંધનમાં છે. ખરેખર, આ તો સાચી વાત છે ને?''

''ના'' માતાજીએ કહ્યું; ''બીજાનાં અવલંબનનું કારણ છે ભય. જ્યાં સુધી તમે ભયાક્રાન્ત છો ત્યાં સુધી તમે બંધાયેલા છો. જે ક્ષણે તમે નિર્ભય બનો તે ક્ષણે તમે સ્વતંત્ર અને મુક્ત બનશો. ગૃહસ્થ ધારાધોરણો અને નિયમોમાં બંધાયેલો છે પરંતુ કોઈનાથી કે કશાથી ભય ન રાખનાર સંન્યાસી મુક્ત છે.''

પછી માતાજીએ એક સ્ત્રીની કથા કહી. એને પોતાના પતિ સાથે બનતું ન હતું અને કોઈ પણ રીતે તેનાથી પતિની આજ્ઞાનું પાલન થઈ શકતું ન હતું. ગાઢ નિરાશામાં એણે પરમાત્મા પ્રત્યે એવી લગનથી, એવી

એકાગ્રતાથી, પ્રાર્થના કરી કે પતિ પણ ધીમે ધીમે પ્રભુભક્તિને સ્વીકારવા લાગ્યો અને સ્ત્રી તરફનું તેનું વર્તન બદલાઈ ગયું. અને આ રીતે અંતે પ્રશ્ન ઉકેલી ગયો.

❑ ◆ ❑

૧૯૫૨માં માતાજીનો જન્મોત્સવ ફરી પંજાબમાં ખન્ના નામના નાનકડા નગરમાં ઉજવાયો. આ શહેરમાં શ્રી ત્રિવેણીપુરીજી મહારાજ ઘણા વર્ષો સુધી રહ્યા હતા. આ વર્ષે માતાજી ખન્નામાં પગલાં કરીને ગામને પાવન કરે તેવી તેમની તીવ્ર ઇચ્છા હતી. શહેરની બહાર ખુલ્લામાં પ્રકૃતિની ગોદમાં આવેલા 'સરસ્વતી સંસ્કૃત કોલેજ'ના મકાનની પાસે તેમણે માતાજી માટે બે ખંડ બંધાવ્યા હતા. આ કોલેજ બંધાવવામાં શ્રી ત્રિવેણીપુરીજી મહારાજે આગળ પડતો ભાગ લીધો હતો કેમ કે પંજાબમાં સંસ્કૃતનું શિક્ષણ વિસ્તરે તેવી તેમની મહેચ્છા હતી.

દુર્ભાગ્યે જન્મોત્સવનો આરંભ થતાં પહેલાં જ શ્રી ત્રિવેણીપુરીજી મહારાજે દેહ છોડી દીધો. તો પણ શ્રી કૃષ્ણાનંદજી અવધૂત અને શ્રી ત્રિવેણીપુરીજીની શિષ્યમંડળીએ માને ખન્ના આવવા માટે મનાવી લીધાં અને એમના તથા ભક્તમંડળના ઉતારાની ઉત્તમ વ્યવસ્થા કરી.

ખન્નામાં પણ માતાજી સાંજના ફરવાના પ્રસંગે ઘણી વાર આનંદપૂર્વક વાતોચીતો કરતાં અને ઢાકા અને શાહબાગમાંના એમના પૂર્વજીવનના પ્રસંગો પણ ક્યારેક કહેતાં.

એક સાંજે વિશાળ ખેતરોની વચ્ચે વૃક્ષોના ઝૂંડથી ઘેરાયેલાં કેટલાંક મકાનો પાસે અમે આવી પહોંચ્યા. આ મકાનો ખન્ના શહેરની નજીકમાં હતાં. અમને કોઈએ કહ્યું કે અહીં તો ફક્ત મહાત્માઓ જ રહે છે. પીપળાના વૃક્ષ નીચે, ફરતા બાંધેલા ઈંટોના ઓટલા પર માતાજી બેઠાં અને અમે જે કોઈ સાથે હતાં તે સહુ જમીન પરની છૂટી છવાઈ ઈંટો પર બેઠાં. મે માસના પ્રખર તાપમાં પણ પીપળો સુંદર લીલાંછમ પાનથી શોભતો હતો. માતાજીએ તેની નોંધ લીધી. પછી એમણે પોતાના શાહબાગના નિવાસસ્થાનમાં આવેલાં વૃક્ષોની વાત કરવા માંડી.

એમણે જે કહ્યું તેનો સાર આ પ્રમાણે છે: ''ત્યાં એક મદ્રાસી આંબો

છે. એ પ્રકારના આંબા બંગાળમાં જોવા મળતા નથી. પરંતુ એટલા બધા મહાત્માઓ આવીને વસ્યા હોય તે સ્થળે કંઈ પણ બની શકે છે. કોને ખબર કોઈએ મદ્રાસી કેરી કદાચ ખાધી હશે ને બગીચામાં ગોટલો ફેંકી દીધો હશે અને આમ્રવૃક્ષ ઊગી નીકળ્યું હશે. વૃક્ષનાં પાંદડામાંથી મધ ઝરે છે આથી પરસાળમાં કીડીઓ ઉભરાયાં કરતી તે તરફ મારું ધ્યાન દોરાયું મેં કોઈને વૃક્ષની નીચે થાળી મૂકવાનું કહ્યું. થોડા વખતમાં થાળી મધથી ભરાઈ ગઈ. એટલું બધું મધ ઝરતું હતું કે ઘડો પણ ભરાઈ જાય. કોઈએ કહ્યું કે એ ખરેખર વૃક્ષ નહીં પણ વૃક્ષસ્વરૂપે એક મહાત્મા છે. પછી જેમાં બારેમાસ ફળ આવે એવું એક ફણસનું વૃક્ષ છે.

જ્યાં આટલું બધું કીર્તન થતું હોય ત્યાં અનેક ચમત્કારિક ઘટનાઓ બન્યા કરે અને શાહબાગમાં રોજેરોજ કીર્તન થતું હતું. આ શરીર જ્યાં રહેતું હતું તેની નજીક બે સરુના વૃક્ષો ઊગેલાં છે. આ વૃક્ષોનું લાકડું ચંદનનું બની ગયું છે તેમાં માત્ર સુગંધ ચંદનની છે તેમ નહીં, ચંદનના બીજા ગુણો પણ છે. લોકો તેમાંથી પૂજા માટે ચંદન ઘસવા લઈ જતા મનમોહન બાબા (વારાણસી આશ્રમના કેટલાક ભાગના સ્થપતિ) થડમાંથી એક કટકો કાપીને લઈ આવ્યા એ હજુ પણ વારાણસીમાં છે. તે વૃક્ષનાં પાન, ફૂલ અને ફળ તેમનાં તેમ છે. લાકડું જ બદલાઈ ગયું છે. ''આજુબાજુમાં ક્યાંય ચંદનનાં વૃક્ષો છે?'' કોઈએ પૂછ્યું, 'ના' માતાજીએ કહ્યું; ''બંગાળમાં ચંદનનાં વૃક્ષો ઊગતાં નથી.''

પછી માતાજીએ એક વાર્તા કહી. એક માણસ જંગલમાં શિકાર કરવા ગયો પણ એને કોઈ શિકાર મળ્યો નહીં. અંતે એને ક્યાંક ધૂમાડો દેખાયો અને એ ત્યાં ગયો. તે એક તપસ્વીની ઝૂંપડી પાસે આવી પહોંચ્યો. ત્યાં એક વાઘ અને એક હરણ શાંતિથી હળીમળીને સાથે રમતાં હતાં. શિકારી તરસ્યો થયો હતો. તેણે તપસ્વી પાસે પાણી માગ્યું તો તેમણે પોતાના કમંડળમાંથી પાણી આપ્યું. શિકારીએ જોયું કે કમંડળ તો ખાલી થતું જ નથી. તેમાં થોડું જળ તો શેષ રહે જ છે. પછી સાધુ મહારાજે તેને થોડું ખાવાનું આપ્યું. એટલા અમથા ખાવાનાથી એને તૃપ્તિ થઈ ગઈ તેથી તેને નવાઈનો પાર ન રહ્યો. સરસ જમ્યો હોય તેમ જ પેટ ભરાઈ ગયું. આવા અદ્‌ભુત બનાવો બનવાને કારણે તે સ્થળે પછીથી એક મંદિર બાંધવામાં આવ્યું.

પછી માતાજીએ પોતાના પૂર્વજીવનની એક વાત કહી. એક સાંજે એમને એક મંદિરમાં દર્શન કરવા જવાનો 'ખ્યાલ' થયો. ભોલાનાથ બાબાએ કહ્યું; ''શો અર્થ છે? મંદિર તો સાંજે બંધ હોય છે.'' પરંતુ શ્રી માને ત્યાં જવાનો 'ખ્યાલ' આવ્યો હોવાથી એ તો ચાલવા માંડ્યા. માતાજી કહેવા લાગ્યાં ''જ્યાં સુધી મંદિરે ન પહોંચ્યા ત્યાં સુધી ચાલવાનું કેમે કર્યું અટક્યું નહીં. મંદિર બંધ કરી દીધેલું હતું પરંતુ એક શિષ્ય ત્યાં આવ્યો હતો તેથી ફરી ખોલી નાખ્યું હતું. બારણાં સાવ ખુલ્લાં હતાં. મેં દર્શન કર્યાં. અમે ત્યાંથી પાછાં વળતાં હતાં ત્યાં તો પેલો શિષ્ય એકાએક બસ અદૃશ્ય થઈ ગયો, તે ક્યાંય પણ જતો દેખાયો નહીં.''

માતાજીની વાણી જીવંત હોય છે. તે જ્યારે કોઈ વાત કરે ત્યારે એ ખાલી વાત નથી હોતી પરંતુ એ અનુભવ પોતે ફરીથી કરે છે અને સાંભળનારાઓને ફરીથી કરાવે છે. એ ચેતનાની ઊર્ધ્વગતિ કરાવે છે અને અંતઃકરણમાં અજવાળું પાથરે છે. કહેલો પ્રસંગ કદાચ ભુલાઈ જાય તો પણ તેની અસર તે પછી નિરંતર અમારી સાથે રહે છે.

થોડા દિવસો સુધી માતાજીએ આ પ્રકારની મજાની વાતો કહી, તેમજ કેટલીક અંગત વાતો પણ કરી.

બે-ત્રણ વાર એમણે શ્રી ત્રિવેણીપુરીએ જ્યાં લગભગ ચાલીસ વર્ષ વિતાવ્યા હતાં એવા ખન્નાની સાંકડી ગલીમાં આવેલા તેમના નાનકડા ઘરની મુલાકાત લીધી. ત્યાં વર્ષો સુધી તેમની સેવા કરનાર અત્યંત વૃદ્ધ માજી અત્યારે પણ રહે છે.

માતાજીના જન્મદિવસે આખી રાત એક વૈદિક પુજાની વિધિ કરવામાં આવી. કૉલેજના વરંડામાં મૂકેલી એક પાટ પર માતાજી ટેકો દઈને આરામથી બેઠાં હતાં. અમે તેમને ઢગલાબંધ પુષ્પોથી શણગાર્યા હતા. બધાં તેમની આસપાસ ભેગાં થયાં. વરંડાની પાછળનો કૉલેજનો વિશાળ ખંડ અને વરંડાની આગળનો વિશાળ ચોક ભરાઈ ગયા હતા. કેવળ દૂરથી અને નજીકથી આવેલા માતાજીના ભક્તો જ નહીં પણ ખન્ના શહેરના સંખ્યાબંધ નિવાસીઓ, ખાસ કરીને સ્ત્રીઓ, આવા પ્રસંગે અનુભવાતી દિવ્ય કૃપાની ધારાનો અનુભવ કરતાં વિસ્મિત થઈને નિઃસ્તબ્ધભાવે આખી રાત બેસી રહ્યાં હતાં.

બીજે દિવસે પૂજા દરમિયાન માતાજીને ધરવામાં આવેલી ઢગલે ઢગલા મીઠાઈ બધાને વહેંચી દેવામાં આવી. ત્યાંથી માતાજી જલંધર જવા નીકળ્યાં. ત્રણ દિવસ સુધી તેઓ એમની મંડળી સહિત સાવિત્રીદેવી આશ્રમમાં રહ્યાં. આ નાનકડો આશ્રમ માતાજીને જ્યારે મરજી થાય ત્યારે આવવા એમને માટે હંમેશા ખુલ્લો હોય છે અને જે ઉષ્માપૂર્વક, જે કુશળતાપૂર્વક અને નિ:સ્વાર્થ ભાવે એ નાનકડા આશ્રમમાં સેવા થાય છે તે ઊડીને આંખે વળગે તેવી છે અને કોઈને પણ સ્પર્શી જાય તેવી છે. તે આશ્રમની દેખરેખ સરદાર સાધુ સિંગ (જેમનું હવે અવસાન થયું છે) અને તેમના ત્રણ પુત્રો રાખે છે. માતાજીએ તેમનાં નામ રામ, લક્ષ્મણ અને શત્રુઘ્ન પાડ્યાં છે. (ચોથા ભરતનું અવસાન થયું છે.) માતાજીની આજુબાજુ ટોળાબંધ લોકો વિંટળાયેલા હોય તો પ એ તો ત્યાં આરામથી મજાથી રહે. નાનકડી મુલાકાત દરમિયાન પણ તેમણે કેટલીય વાર કીર્તન કરાવ્યું. માતાજીએ છુટ્ટે હાથે કૃપાધારા વહાવી અને અમારા ઉદાર યજમાનોને તેમણે ઉઠાવેલી તકલીફોના બદલામાં અનેકગણું પ્રાપ્ત થયું હોય તેવી લાગણી જરૂર અનુભવાઈ હશે.

હરિબાબાજીના આશ્રમમાં માતાજીએ માત્ર ચોવીસ કલાક ગાળ્યા. આખો દિવસ અને રાત્રે મોડે સુધી કીર્તન, શાસ્ત્રપાઠ, અને આધ્યાત્મવિષયક જ્ઞાનવાર્તાનું આયોજન કરવામાં આવ્યું હતું. એટલા બધા લોકો આવ્યા હતા કે તેમની વ્યવસ્થા કરવી એ કોઈની પણ ક્ષમતાબહારનું કામ હતું. જાણે કે એમની વચ્ચે માતાજીને ગાળવાનો સમય ટૂંકો હતો જેની પૂર્તિ, સંવેદનની તીવ્રતા અને સંખ્યાની બહુલતાથી કરવાની હોય તેમ, માતાજીને આવકાર આપવા અને એમના પ્રત્યે શ્રદ્ધા અને આદર વ્યક્ત કરવા આટલા કલાકોમાં તો જાણે આખ્ખું ગામ ઉમટ્યું હોય તેવું લાગતું હતું.

એક દિવસ જલંધરમાં ગાળ્યા પછી માતાજીએ મે માસની ૧૭મી તારીખે રાત્રે સોલન તરફ પ્રયાણ કર્યું, ત્યાંથી ૧૯મી તારીખે તેઓ સિમલા પહોંચ્યાં. ત્યાં સોલનના રાજાએ તાજેતરમાં માતાજીને માટે એક રમ્ય ઉદ્યાનમાં એક નાનકડી કુટીર બાંધી છે. જેકો હિલ તરફ જતાં લગભગ અર્ધા રસ્તે ઊંચા ઊંચા દેવદાર વૃક્ષોની વચ્ચે આ સ્થળ આવેલું છે. આજુબાજુ બધે જ હિમાલયની પર્વતમાળાઓ વીંટળાયેલી છે તેનું દર્શન થાય છે.

શ્રી કૃષ્ણાનંદ અવધૂતજી અને શ્રી ગોપાલ ઠાકુર માની સાથે ગયા. બીજા થોડાક જ લોકોને એમની સાથે જવાની છૂટ આપવામાં આવી. એ બધાનો ઉતારો એ જ પ્રાંગણમાં આવેલા બીજા એક મોટા મકાનમાં હતો. માતાજીના ત્યાંના દસ દિવસના નિવાસમાંથી પહેલા બે-ત્રણ ખરેખર એકાંતવાસના દિવસો હતાં.

ત્યાં એક વહેલી સવારે માતાજીએ રાધાના કૃષ્ણને બોલાવતા એક અલૌકિક ગાનની રચના કરી. માતાજીએ ગુરુપ્રિયા દેવી અને બ્રહ્મચારી વિભુને આ ગીત સાંભળવા બોલાવ્યાં. તે લોકોને ભાષા સમજાઈ નહીં, પછીથી એ એકદમ શુદ્ધ વ્રજભાષા તરીકે ઓળખી શકાઈ. વ્રજભાષા શ્રીકૃષ્ણની લીલાભૂમિ વૃન્દાવન અને મથુરાના ગામડામાં બોલાતી ભાષા છે.

આજકાલ માતાજીને લાંબો સમય એકાંતમાં રહેવા મળતું નથી. માતાજીના આગમનના સમાચાર સમગ્ર સિમલાનગરમાં ફેલાઈ ગયા અને થોડા દિવસમાં તો શહેરથી આટલું બધું દૂર અને આકરા ચઢાણવાળું હોવા છતાં સવાર અને સાંજના સત્સંગમાં મકાનમાં સમાય નહીં એટલા બધા માણસો ભાગ લેવા માટે આતુર હતા. માતાજીનો ત્યાં રહેવાનો સમય પૂરો થવા આવ્યો ત્યારે માતાજીએ કાલીબાડી અને મહિલાક્લબની મુલાકાત લઈને વિશાળ જનસમુદાયને દર્શનનો લાભ આપ્યો.

મે માસની ૨૮મી તારીખે માતાજી સોલન પાછાં ફર્યાં અને ૨૭મી જુનની સાંજ સુધી સોલનના રાજા અને રાણીએ છ વર્ષ પહેલાં રાજમહેલની નીચે ટેનિસ કોર્ટમાં બાંધેલા સુંદર અને આરામદાયક આશ્રમમાં રોકાયાં. કલકત્તા, મુંબઈ, જયપુર, વારાણસી, અમદાવાદ જેવા દૂર દૂરના સ્થળેથી આવેલા ભક્તોની બનેલી મતાાજીની ભક્તમંડળીને નજીકમાં આવેલા રાજાના અતિથિગૃહમાં ઉતારો આપવામાં આવ્યો.

માત્ર એક જ વખત, જૂન માસની ૧૫ મી તારીખે માતાજી સોલન નિવાસ દરમિયાન સોલન છોડીને થોડા કલાકો માટે કસૌલી ગયા. એમની સાથે શ્રી કૃષ્ણાનંદજી અને બીજાઓ પણ હતા. એમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. એમની મોટર અટકી ત્યાંથી છેક એક માઈલ દૂર બજારમાં આવેલા ગુરુદ્વારા સુધી એક કીર્તન મંડળી એમને પાલખીમાં બેસાડીને

ઊંચકીને લઈ લઈ. ત્યાં સત્સંગ થયો. વિશાળ જનસમુદાયની હાજરી જોવા જેવી હતી અને દરેકને સમય મર્યાદાનો અફસોસ થતો હતો.

❑ ◆ ❑

૨૫મી જુલાઇ ૧૯૫૧

એક ભક્ત મહિલાને તેના ગામડાના ઘરમાં બેઠાં બેઠાં માતાજીના દર્શન થયાં તે જણાવતો તેનો પત્ર આવ્યો હતો. તેની સાથે ટૂંકાણમાં વાતચીત કર્યા પછી "તેઓ" અદશ્ય થઈ ગયાં.

**કોઈકે પૂછ્યું;** "તમે ત્યાં તમારા આ શરીર દ્વારા જ ગયાં હતાં?"

**માતાજી :** "આપણું શરીર એક જ સમયે બધાં જ સ્થળે હોઈ શકે ને એ કોઈ એક ચોક્કસ સ્થળે પણ દેખાઈ શકે. બ્રહ્મજ્ઞાન દ્વારા આ સમજાશે."

"સિમલામાં લક્ષ્મણ નામનો એક માણસ હતો. આ શરીરે (શ્રી માતાજીએ) તેને બાર શરીરોમાં સામે ઊભેલો જોયો. લક્ષ્મણને પોતાને તો એ નહોતું જ દેખાયું. તેને એ દેખાયું હોત તો તેનો અર્થ એ થાત કે તેને પરમ તત્ત્વ સાથે અદ્વૈતની પ્રાપ્તિ થઈ ગઈ છે. ઈશ્વરના સર્જનમાં શક્યતાઓનું અનંત વૈવિધ્ય હોય છે."

**પ્રશ્ન :** ઈશ્વરના સર્જનમાં કોઈ બે વસ્તુ સરખી નથી. તો પછી તમે વર્ણવો છો તેમ કઈ રીતે હોઈ શકે ?

**માતાજી :** તેના સર્જનમાં કોઈ પણ બે પાંદડા પણ સરખા નથી. પરંતુ યોગીની દૃષ્ટિ દ્વારા તે બે પાંદડા સાવ જ એક સરખાં બની શકે. ભગવાનને માટે બધું જ શક્ય છે. વિચાર કરો, કેટકેટલા લોકો ગોપાલની ભક્તિ કરે છે! દરેકને ગોપાલનાં પોતે જે સ્વરૂપે પૂજતા હોય તે તે સ્વરૂપનાં દર્શન થાય છે! પોત પોતાના સંસ્કાર પ્રમાણેના સ્વરૂપનાં દર્શન થાય છે!

હમણાં એક દિવસ શ્રી હરિબાબાજીના ભક્તો એક નાટક ભજવતા હતા. એમાં એક યોગી વેપારીનો વેશ ધરીને પોતાની પત્ની પાસે આવે છે પરંતુ તે આ છદ્મવેશની આરપાર જોઈ શકતી નથી. છતાં જે જ્ઞાની છે, તેને તો અસલી-નકલીનો ભેદ તરત જ પમાઈ જાય છે.

**પ્રશ્ન :** શું મનુષ્યનો પુનર્જન્મ પશુયોનિમાં થઈ શકે ?[1]

**માતાજી :** માનુષ એટલે ''મન-હોશ'' જે સંપૂર્ણપણે જાગ્રત છે તેવો. તે પોતાના હોવા પ્રત્યે પૂરેપૂરો સભાન છે. પરંતુ અત્યારે તમે બે-હોશ છો, અભાન છો.[1]

**પ્રશ્ન :** મૃત્યુ પછી આપણે આ પ્રકારની મંડળીમાં ભાગ લઈ શકીએ ખરા?

**માતાજી :** ''તમે જ્યારે 'અમે' એમ કહો છો ત્યારે તમે 'હું' અને 'અમે ઘણાં બધાં' એ ભૂમિકા પરથી બોલો છો. જ્યાં સુધી એ ભૂમિકા હોય ત્યાં સુધી તમે મંડળીમાં ભાગ લો તોય શું અને ન લો તોય શું? ખરેખર તો સર્વ તમારામાં સમાયેલું છે. જ્યારે તમે તે જાણી લેશો ત્યારે પછી તમને આવો પ્રશ્ન ઉદ્ભવશે જ નહીં.

❑ ◆ ❑

**વારણસી :** ઓગસ્ટ, ૧૯૫૨

ઝૂલણ એકાદશી અને જન્માષ્ટમીની વચ્ચેના ગાળામાં કન્યાપીઠની[2] કિશોરી બ્રહ્મચારિણીઓ મોટે ભાગે રોજ રાત્રે ધાર્મિક દૃશ્યોની ભજવણી કરે છે, ગીતો ગાય છે અને નૃત્ય કરે છે. માતાજી આ કાર્યક્રમોમાં મુખ્ય અતિથિ હોય છે. આ કાર્યક્રમો અનૌપચારિક હોય છે અને કોઈને બતાવવા માટે ભજવાતા નથી પરંતુ કેટલાક ભક્તો, ખાસ કરીને નવ વાગ્યાનો સત્સંગ પૂરો થયા પછી પણ આશ્રમમાં હાજર હોય તેવા મહિલા-ભક્તોને માટે કન્યાપીઠના ખંડમાં આવીને આ નિહાળવાની છૂટ મળે છે.

એક રાત્રે માતાજીએ કહ્યું; ''ધારો કે આ શરીર આવતી કાલની

---

૧. આ નોંધો અપૂરતી છે. માતાજીએ એવા અર્થનો પ્રત્યુત્તર આપ્યો છે કે પશુયોનિમાં પુનર્જન્મ થઈ શકે, પરંતુ એવું ભાગ્યે જ બને. માતાજીએ શાસ્ત્રમાંથી એક-બે ઉદાહરણો આપીને કહ્યું કે પુનર્જન્મનો આધાર પોતાના કર્મ પર હોય છે.

---

૨. વારાસણી સ્થિત 'શ્રી શ્રી મા આનંદમયી કન્યાપીઠ' ત્યાં કન્યાઓને સનાતન ધર્મના પુરાતન આદર્શો પ્રમાણેની કેળવણી અપાય છે અને સાથે સાથે આધુનિક અભ્યાસક્રમના વિષયો પણ શીખવવામાં આવે છે.

લીલાની વ્યવસ્થા કરે તો તમે સહુ તમને સોંપાયેલા પાઠ ભજવીને સહકાર આપશો ને ? તમને ગમશે ને ?" મોટા ભાગના લોકો સંમત થયા.

બીજી રાત્રે અમે સહુને સંપૂર્ણપણે મૌલિક રીતે ગોઠવાયેલા જોયા. હકીક્તે ત્યાં કોઈ પ્રેક્ષકો તો હતા જ નહીં. જે કોઈ હાજર હતા તે સહુ લીલામાં જોડાયેલાં હતાં. મુખ્ય પાત્રોના પાઠ તો કન્યાપીઠની બ્રહ્મચારિણી શિષ્યાઓ અને તેમના ગુરુજનો વચ્ચે વહેંચાયેલા હતા, તેમજ આશ્રમની કેટલીક અંતરંગ વ્યક્તિઓને ભાગે વહેંચાયેલા હતા. ભજવણીની પદ્ધતિ તત્ક્ષણ લીલા નાટ્યની હતી. પ્રત્યેકને માત્ર પોતાના પાઠની જ ખબર હતી, સમગ્રની નહીં. ખંડને પશ્ચિમ ખૂણે એક શિવજીનું સ્થાન હતું અને બીજે ખૂણે કૃષ્ણનું. દીદીને શિવજી સમક્ષ ધ્યાનસ્થ બેસવાની આજ્ઞા હતી અને ગંગા દીદીને કૃષ્ણ સમક્ષ. બન્ને ચૂપચાપ સ્થિર, ટટ્ટાર બેઠાં હતાં. નેત્રો નિમિલિત હતાં અને બન્ને ગાઢ ધ્યાનમાં મગ્ન હતાં. તેમના ચહેરા અર્ધા અમારી બાજુ હોવાથી અમે તેમનું બરાબર નિરીક્ષણ કરી શકીએ તેમ હતા.

ખંડના પૂર્વ ખૂણે ઝૂલન ઉત્સવના સપ્તાહ દરમિયાન એક મોટો હિંચકો છત પરથી લટકાવવામાં આવે છે. હિંચકાને બનારસના રેશમથી કલાત્મક રીતે ઢાંકી દીધેલો હતો અને વચ્ચે માત્ર એક સાડીની મદદથી બે ભાગ પાડવામાં આવ્યા હતા. તેની એકબાજુ શ્રી રામની અને બીજી બાજુ શ્રી દુર્ગામાની પ્રતિમાઓ વિરાજતી હતી અને તેની સમક્ષ બન્ને બાજુ બેસીને ભક્તો પૂજન કરતા હતા. ખંડના દક્ષિણ ભાગમાં માતાજી, દીદીમા અને મૌનીમા. એક શ્રીશંકરાચાર્ય બનેલી અને શિષ્યમંડળી દ્વારા વીંટલાયેલી કન્યા પાસે બિરાજમાન હતા. થોડે દૂર કમ્મર સુધી ખુલ્લા શરીરવાળાં નાનાં નાનાં બાળકો યોગાસનો કરતાં હતાં.

જેમને પાઠ સોંપાયા ન હોય તેવા જે કોઈ લોકો આવે તેને માતાજી આવવાની છૂટ આપતા હતાં અને પૂજા કરતા ભક્તો સાથે જોડાવાનું તથા સંપૂર્ણપણે મૌનમાં મગ્ન રહેવાનુ કહેતાં હતાં. સ્ત્રીઓને ખંડમાં અંદર પ્રવેશ હતો અને પુરુષોને ખંડની બહાર વરંડામાં જ્યાંથી ખુલ્લાં બારી-બારણામાંથી એ લોકો પણ આ લીલાનાટ્યનો લાભ લઈ શકે તે રીતે. માતાજી ખંડ છોડીને દક્ષિણ બાજુની બાલ્કનીમાં જઈને એક વૃદ્ધા સ્ત્રી

પહેરે તેવી સાડી વીંટીને પાછાં આવ્યા. એક સ્નાતક યુવતી જે ઉદ્‌ઘોષકનો પાઠ ભજવતી હતી તેણે કહ્યું "તીર્થ-વાસિની મા! ત્યાં એક પુસ્તકની આવશ્યકતા છે!" માતાજીએ આવીને પુસ્તક આપ્યું. પછી એક ઢોલક અને એક ધૂપદાની બીજા પૂજા કરનારાઓને જોઈતી હતી. તીર્થવાસિની માએ જે કંઈ જરૂરી હતું તે બધું જ પૂરું પાડ્યું. બત્તીઓ બુજાઈ ગઈ અને પ્રત્યેક વ્યક્તિ નિઃશબ્દ થઈને ખૂબ ગંભીરતાપૂર્વક ધ્યાનમગ્ન બની ગઈ.

માતાજીએ પોતાનો મૂળ વેષ ધારણ કરી લીધો. ફરી બત્તીઓ કરવામાં આવી. ઉદ્‌ઘોષક બોલ્યાં; "દીદી અને ગંગાદીદી કેવા ધ્યાનમગ્ન છે, જુઓ એમને એમના ધ્યાનનું ફળ પ્રાપ્ત થયું હોય તેવું લાગે છે. અને ત્યાં શિષ્યમંડળીથી વિંટાળાયેલા શ્રી શંકરાચાર્યનાં દર્શન કરો અને પેલી બાજુ પેલાં નાનકડાં બાળકો કેવી કુશળતાપૂર્વક અને ચોકસાઈપૂર્વક હઠયોગના આસનો કરે છે તે નિહાળો. પેલે ખૂણે શ્રી રામ અને શ્રી દેવીનું પૂજન થાય છે."

આમ તો આ નાટક હતું છતાં એ જીવંત જીવન હતું કારણ દરેક વ્યક્તિને સોંપાયેલો પાઠ તેણે દેખાવ ખાતર ભજવવાનો ન હતો પણ નિષ્ઠાપૂર્વક જીવવાનો હતો, વળી દરેકને પોતાને યોગ્ય હોય તેવો જ પાઠ સોંપાયો હતો. વાતાવરણ ભાવભર્યું હતું. એક કન્યાએ શ્રી કૃષ્ણની સ્તુતિનું ગીત ગાવાનો આરંભ કર્યો. બીજી કન્યાએ તે પછી શિવસ્તુતિનું ગાન ગાયું. તે પછી શ્રી રામનું સ્તવન અને રામાયણના કેટલાંક અંશોનો પાઠ થયો. તે પછી દુર્ગાપૂજા કરનાર ભક્તોએ દુર્ગા સપ્તશતીમાંથી પાઠ કર્યો. તે પછી કોઈકે ગુરુસ્તોત્ર, કોઈકે ગુરુ-વંદના વગેરે પાઠ કર્યા. શ્રી દુર્ગા, શ્રીરામ વગેરેની આરતી ગવાઈ, આરતી ઉતારાઈ. હંમેશા આશ્રમના સત્સંગમાં થાય છે તેમ, શ્રી ગુરુને, શ્રી રામને, શ્રી કૃષ્ણને, શિવજીને, શ્રી દેવીને પ્રણામ કરીને લીલાની પૂર્ણાહૂતિ કરવામાં આવી.

એ સંધ્યા અત્યંત અસરકારક હતી. એ પછી ઘણા લાંબા સમય સુધી જેમણે આ લીલામાં ભાગ લીધો હતો તે સહુને તેના પ્રભાવનો અનુભવ થયા કર્યો. એ શું માતાજીની લીલા-એમની જીવનલીલાના પ્રતીકરૂપ નહોતી? પોતાના આશ્રમમાં એ શું જુદા જુદા પંથના, દરેક

સંપ્રદાયના અનુયાયીઓને મૈત્રીના અને સંવાદિતાના એક સૂત્રે પરોવી નથી રાખતાં? તીર્થવાસિની એટલે તીર્થમાં સદા વાસ કરનારાં. માતાજી જે કોઈ સ્થળે જાય છે ત્યાં મનુષ્યોનાં મન ધર્માભિમુખ થાય છે, એમની ઉપસ્થિતિમાત્રથી પ્રત્યેક સ્થળ તીર્થ બની જાય છે. વળી તેઓ પવિત્ર તીર્થસ્થળોની યાત્રા પણ વારંવાર કરે છે અને એ પોતે જ શું જેને જે જોઈએ તે પૂરું નથી પાડતાં ? પછી તે પુસ્તક હોય (વિદ્યા અને જ્ઞાનનું પ્રતીક), ઢોલક હોય (સંગીતનું પ્રતીક), ધૂપ હોય (પૂજનવિધિનું પ્રતીક) કે પછી કોઈ વ્યક્તિને સહાયક એવું કંઈ પણ હોય? એમની પાસે જે કોઈ જાય તે એમની લીલાનું આકર્ષણ અનુભવે અને પોતાનો પાઠ ભજવે. એ વિશિષ્ટ સંધ્યાના ઉત્સવમાં ત્રણ ત્રણ યુરોપિયન ભક્તોની હાજરી હતી એ પણ ઓછું મહત્ત્વનું નથી.

❑ ◆ ❑

**ખન્ના :** ૧૧મી મે, ૧૯૫૨

વાતચીત દરમિયાન મા બોલ્યાં: ‘‘તમે જે કંઈ કરો તે તમારી પૂરેપૂરી શક્તિથી કરો, તમારા સમગ્ર અસ્તિત્વને તે કાર્યમય કરી દો. નિંદા અને સ્તુતિથી દોરવાઈ ન જાઓ. કોઈ તમારી નિંદા કરે ત્યારે તમે ખળભળી ઊઠો છો અને ખભો થાબડીને શાબાશી આપે ત્યારે તમને પ્રોત્સાહન મળ્યું હોય એવું લાગે છે. એનો અર્થ એ થાય છે કે તમે જે કંઈ કરો છો તે માટે તમે નીકળ્યા નથી પણ બીજાની સ્વીકૃતિ મેળવવા માટે નીકળ્યા છો.’’

‘‘સારું, અમે બધા જ આવા છીએ.’’ મા જેમની સાથે વાત કરતા હતા તે આશ્રમવાસીએ કહ્યું.

**માતાજી :** તમે એમ કહીને તમારો પોતાનો બચાવ શા માટે કરો છો? બીજા શું કરે છે તે જોવાનું કામ તમારું કઈ રીતે હોઈ શકે? તમે પોતાને સુધારો ને ! એ સુધારાને જ તમારો બચાવ કરવા દો ! પછી મારી સામે ફરીને કહે : ‘‘ક્યારેક તને ઠપકો આપું ત્યારે તું કહે છે : ‘માત્ર મને જ શા માટે? બીજાં કેટલાંય આ જ રીતે વર્તે છે અને તમે

એમ થવા પણ દો છો.' પણ હું તો એમ કહું છું : તમારી જાતને સુધારો, તમારી ટીકાને તમારા ભણી વાળો, તમારી ભૂલોને યોગ્ય ઠરાવવા માટે બીજાનું દોષદર્શન ન કરો.''

❑ ◆ ❑

૧૯૫૩ના મે માસના એક પ્રભાતે માતાજીએ મને કહ્યું; ''ક્રોધ પણ પરમાત્માના સુંદર સ્વરૂપોમાંનું એક સ્વરૂપ છે.'' 'હું' આભી બની ગઈ કેમ કે માતાજી મને મારા ક્રોધ પર વિજય મેળવવા માટે હંમેશાં પ્રેરતાં.

**મેં પૂછ્યું;** ''તો પછી ક્રોધ પર વિજય શા માટે મેળવવો?''

**માતાજી :** જે ગુસ્સો કરે છે તેને પોતાને માટે તે અત્યંત દુઃખકર છે તે કારણે, બીજા કોઈ કારણે નહીં.''

**પ્રશ્ન :** ''જો કોઈ ગુસ્સાને પરમાત્માના સુંદર સ્વરૂપોમાંના એક તરીકે પિછાને તો પછી તેના પર વિજય મેળવવાની કોઈ જરૂર રહે ખરી?''

**માતાજી :** ''એ ભૂમિકા પ્રાપ્ત થાય એ પહેલાં તો માણસની ક્રોધ કરવાની ક્ષમતા નષ્ટ થઈ ગઈ હોય.''

**પ્રશ્ન :** ''તો પ્રાચીન ઋષિઓનું શું? કથાઓમાં કહેવાય છે કે એ લોકો તો ક્યારેક 'બહુ' જ ગુસ્સો કરતા?''

**માતાજી :** ''એ તો સાવ ભિન્ન કક્ષાની વાત છે. જેનામાં સર્જન કરવાની ક્ષમતા છે તેને વિનાશ કરવાની સત્તા છે. વળી, ઋષિની કક્ષાએ હોવું એ પણ એક ભૂમિકા છે.''

❑ ◆ ❑

૧૯૫૩ના મે માસમાં હરદ્વારમાં 'બાઘાટ હાઉસ'માં માતાજીનો જન્મોત્સવ ઊજવાયો. કેટકેટલા મહાત્માઓ અને પંડિતોએ આ પ્રસંગે દરરોજ ધર્મ, તત્ત્વજ્ઞાન અને સાધના પર કલાકો સુધી વ્યાખ્યાનો આપ્યાં. દરરોજ માત્ર અર્ધો કલાક ''માતૃ-સત્સંગ'' માટે અલગ ફાળવવામાં આવ્યો હતો. એ સમય દરમિયાન માતાજી કાં તો પ્રશ્નોના ઉત્તર આપતાં અથવા તો એકાદ મધુર ગીત ગાઈને પ્રેક્ષકોને આનંદ આપતાં. એક દિવસ

માતાજીને એક વર્ષો જૂના અધિકારી ભક્ત સાથે આ પ્રમાણે વાતચીત થઈ :

**ભક્ત :** સુંદર છે એવું કેટલું બધું આપણે સાંભળીએ છીએ.....

**માતાજી :** સુંદર? જ્યાં સુધી તમે સુંદર અને અસુંદર એવા ભેદ કરો છો ત્યાં સુધી તમે કશું જ સાંભળ્યું નથી.

**ભક્ત :** ...ને કેટલુંક અમને સમજાય છે...

**માતાજી :** અમે સમજીએ છીએ... એમ? એ નિરર્થક છે કેમ કે સમજનાર અને જે સમજાયું તે તો બન્ને હજુ જુદાં જ છે !

**ભક્ત :** ...ને કેટલુંક અમે ભૂલી જઈએ છીએ...

**માતાજી :** ભૂલી જાઓ છો એમ? ભૂલી જવાને જ ભૂલી જાઓ : મૃત્યુ મરી જવું જોઈએ.

**ભક્ત :** ...ને કેટલુંક અમને યાદ પણ રહે છે...

**માતાજી :** યાદ રહે છે એમ? એનો અર્થ એ થાય કે તમે તે મનમાં સંઘરી રાખો છો. એને ફેંકી દો, એને ભગવાનનાં ચરણમાં ધરી દો. હું કહું છું કે સત્સંગ કરો. સત્ સંગ એટલે સત્ સ્વરૂપનો પ્રકાશ. વૃક્ષોની છાયામાં રહો-વૃક્ષો એટલે મહાત્માઓ, સત્યના શોધનારાઓ, જે ક્યારેય કોઈને આમંત્રણ આપતા નથી કે જાકારો પણ આપતા નથી, એમની વાતો સાંભળો ! કોને ખબર છે ક્યારે તમને કેમ સાંભળવું તે આવડશે અને ત્યારે તમને શબ્દબ્રહ્મ સંભળાશે, પછી ન તો સાંભળનાર રહેશે, ન સંભળાવું. એવું જ લોકો જેને "દર્શન" કહે છે તેનું સમજવું. લોકો આવે છે, દર્શન કરે છે અને વળી આવ્યા હતા તેમ પાછા જાય છે પણ સાચા દર્શન તો દૃશ્યથી ભિન્ન ન હોય તે જ.

❑ ◆ ❑

**કિશનપુરમાં માતૃ સત્સંગ :**

હરદ્વારના જન્મોત્સવ પછી માતાજીએ કિશનપુર આશ્રમ, દહેરાદૂન ભણી પ્રયાણ કર્યું. ત્યાં ૧૯૫૬ના જૂન માસમાં આ નોંધ કરેલી છે.

**પ્રશ્ન :** શ્રદ્ધા કઈ રીતે વિકસાવી શકાય?

**માતાજી :** જેનામાં શ્રદ્ધા હોય તેની સંગત રાખવાથી. એ માર્ગના પ્રવાસી સાથે પ્રવાસમાં સંગ કરો અને 'વૃક્ષ'ની છાયા નીચે બેસો. પરંતુ તમે સ્થિર થઈને કદી બેસતા નથી, તમારું મન આમ તેમ કૂદકા મારે છે, અરે, તમારી આંખો પણ ભટક્યા કરે છે.

**પ્રશ્ન :** અજપાની ભૂમિકા ક્યારે પ્રાપ્ત થાય?

**માતાજી :** પહેલાં તો તમારે જપ કરવા જોઈએ.

**પ્રશ્ન :** નિદ્રામાં પણ જપ ચાલુ કેવી રીતે રહે? શું એ અજપાની સ્થિતિની નિશાની ન કહેવાય?''

**માતાજી :** તમને કઈ રીતે જાણ થાય છે કે તમે નિદ્રા દરમિયાન પણ જપ કરો છો? જપ સાથે જાગી જવાથી? પરંતુ તમે શું સતત જાગ્રત છો? તમે તો અત્યારે પણ ઊંઘો છો. તમારા સમગ્ર અસ્તિત્વથી, સંપૂર્ણ પુરુષાર્થથી, સમગ્ર શક્તિ અને સામર્થ્યથી જપ, ધ્યાન વગેરેના અભ્યાસમાં પ્રવૃત્ત થાઓ તો અજપાની સ્થિતિ આપોઆપ પ્રગટ થશે. કેટલાક લોકો કહે છે, ''આવી સ્થિતિ પ્રાપ્ત થવાથી આપણું શું સારું થાય? બસ, દિવસ-રાત આપોઆપ જપ કર્યા જ કરો એ જ ને?'' ના, ના, તે પછી તમે જપાતીત બની જશો, એટલે કે તમે જપને અતિક્રમી જશો, જપથી પર થઈ જશો, અને પછી સ્વરૂપ, પદાર્થ માત્રનું સારભૂત તત્ત્વ આપોઆપ પ્રગટ થશે.

''શ્વાસના લયની સાથે સાથે જપ કરવાથી કેટલાક સાધકોનો જપ શ્વાસ સાથે ભળી જાય છે, એકરૂપ થઈ જાય છે, અને કેટલી હદે તત્ સ્વરૂપ થઈ જાય છે કે તેના વિના શ્વાસ લેવાનું જ અશક્ય બની જાય. અને આ સ્થિતિ ચોવીસે કલાક રહે છે. આને અજપા કહે છે''

❑ ◆ ❑

**પ્રશ્ન :** અમે ઘણીવાર તમને એવું બોલતાં સાંભળીએ છીએઃ ''ભગવાનનો વિચાર કરો'' પણ ભગવાન તો નિશ્ચિતપણે અચિંત્ય છે, નિરાકાર છે. જેના વિષે વિચાર થઈ શકે તેને તો નામ-રૂપ હોય અને તેથી તે પરમાત્મા ન હોઈ શકે.

**માતાજી :** હા, નિશંકપણે તેઓ અચિંત્ય છે, સ્વરૂપાતીત છે,

વર્ણનાતીત છે અને છતાં હું કહું છુંઃ 'એમનો વિચાર કરો.' શા માટે? કેમ કે તમે અહંભાવ, જીવભાવ અનુભવો છો, તમે કર્તા તરીકે વિચારો છો, તમે, હું આ કરી શકું અને તે કરી શકું, તમે કહો છો અને તમે લોભ, ક્રોધ વગેરેથી યુક્ત થાઓ છો. તેથી તમારા અહંભાવને તમારે પરમાત્માના વિચારમાં જોડવો પડે છે. તે તો ખરેખર નિરંજન, નિરાકાર, અવિકારી, અનહદ-અપાર છે. તેમ છતાં તેઓ તમારી પાસે શબ્દબ્રહ્મ સ્વરૂપે અને શબ્દાવતાર સ્વરૂપે આવ્યા છે. આ પણ એ જ છે તેથી તમે એમનું નામ લો અને એમના સ્વરૂપનું ચિંતન કરો તો અહંકારનું આવરણ ખસી જશે અને જે નિરાકાર અને અચિંત્ય છે તેઓ સ્વયં ઝળહળી ઊઠશે.

તમે એમ વિચારો છો કે તમે સાધના કરો છો, પરંતુ ખરેખર તો બધું કરનાર તેઓ પોતે જ છે, એમના વગર કશું જ થઈ શકતું નથી. અને તમે જો એમ માની લેતા હો કે તમે જે કંઈ કર્મ કરો તે પ્રમાણે તમને ફળ મળે છે તો તે પણ સાચું નથી કેમ કે ભગવાન કંઈ વેપારી નથી. તેઓ કંઈ સોદાબાજી કરતા નથી.''

❑ ◆ ❑

**અમદાવાદ :** ૧૭મી જાન્યુઆરી, ૧૯૫૩

એક વૃદ્ધ સજ્જને પૂછ્યું; ''છોકરીઓ માટે પૈસા કમાવા શું યોગ્ય છે?''

**મા :** ''અત્યારના સમયમાં લોકો એવું વિચારે છે કે પોતે પગભર થવું જોઈએ. તેથી એ બધા નોકરી કરે છે. એ બધાંને ખબર નથી કે જ્ઞાનનો પ્રકાશ થાય કે તરત જ તેમની આવશ્યકતાઓની વ્યવસ્થા તો થઈ જાય છે. જ્ઞાન વેચવું ન જોઈએ.''

❑ ◆ ❑

૧૯૫૩ના જૂન માસમાં માતાજીના કિશનપુર-નિવાસ દરમિયાન એક ભક્તના નિમંત્રણને માન આપીને માતાજી અને એમની ભક્તમંડળીએ બે દિવસ માટે દહેરાદૂન મુકામે પધરામણી કરી. ત્યાં માતાજીના આવાસની

વ્યવસ્થા એક વિશાળ બગીચામાં એક તંબુમાં કરવામાં આવી. સત્સંગ માટે એક બીજો તંબુ ખડો કરવામાં આવ્યો. એક પ્રભાતે માતાજીએ સત્સંગના તંબુમાં આવીને ત્યાં ઉપસ્થિત થોડાક લોકોમાં પુષ્પો અને પુષ્પમાળાઓ વહેંચી. મા હસી-મજાક કરવાની મનઃસ્થિતિમાં હતાં અને વાતાવરણ ખૂબ મધુર વાતો અને હાસ્યથી આનંદમય બની ગયું. બોગનવેલની એક ડાળખી લઈને તેઓ બોલ્યાઃ ''કેટલું સુંદર! જો, બધી પાંખડીઓ ભગવા રંગની છે!

''મારા દેશમાં પાનખર ઋતુમાં બધાં પાંદડાં ભગવા રંગનાં થઈ જાય છે.'' મેં કહ્યું.

''તારા દેશમાં?'' માતાજી બોલ્યા; ''કયો છે તારો દેશ?''

''હું ભારતમાં આવી તે પહેલા જ્યાં હતી તે!''

''પહેલાં?'' માતાજીએ પૂછ્યું, ''પહેલાંનો અર્થ 'શો થાય?' પહેલાં તું ક્યાં હતી?''

''તમારી પાસે?''

''મારી પાસે? એ તને કેમ ખબર પડી?''

''તમને ખબર!''

''તને કેમ ખબર પડી કે મને ખબર છે?''

''એ મને ખબર નથી!''

''એ તેં કેમ જાણ્યું કે તને ખબર નથી?''

''મને કંઈ ખબર નથી, હું તો બુદ્ધુ છું.''

''તે એ તને કેમ ખબર પડી કે તું મૂરખ છે?''

''હવે તો હું મુંગી જ થઈ જાઉં તો સારું!''

''તો એ મૌનનો શો અર્થ સરશે?''

''મિથ્યા પ્રલાપ અને બકવાસ નહીં થાય!''

''તે એનાથી શું સારું થશે?''

''મને ખબર નથી''

**માતાજી :** ''તને ખબર નથી? તું ફરી ફરીને કહે છે કે તને ખબર

નથી? જેને કશી જ ખબર ન હોય તેને શું ક્રોધ કરવાનો અધિકાર? જે જાણે છે તે ક્રોધ કરે છે કેમ કે આ કે તે જેમ હોવું જોઈએ તેમ નથી. પણ બુદ્ધુ તો શું કેમ હોવું જોઈએ તે જાણતો જ નથી. તેથી તેને ક્રોધ કરવાનો કોઈ અધિકાર જ નથી. હંમેશા યાદ રાખ કે તું બુદ્ધુ છે તેથી તું ગુસ્સે થઈ શકે નહીં. ક્રોધ કરે છે તે અહંકાર છે અને અહંકારને તો છોડવાનો છે. તે છૂટી જાય તો બુદ્ધુમાંથી બુદ્ધ થવાય. હંમેશાં યાદ રાખ કે તું કશું જ જાણતી નથી તેથી ગુસ્સે થવાનું તારે માટે કોઈ કારણ જ નથી. પછી 'અહમ્' અદશ્ય થઈ જશે અને આત્માનંદ પ્રગટ થશે.''

માતાજીએ બોગનવેલની ડાળખી મારા હાથમાં આપી અને કહ્યું: ''બધી ભગવા રંગની પાંખડીઓ ચૂંટી ને સૂકવીને સાચવી રાખ.'' એ સૂકાયેલાં પુષ્પો હજુ પણ મારી પાસે છે પરંતુ એનો રૂપાળો રંગ ઊડી ગયો છે.

❑ ◆ ❑

**એક વ્યવહારુ પ્રશ્ન - અલ્મોડા :** મે ૧૯૫૪

કોઈ માતાજીને પ્રશ્ન પૂછે તો તેનો જવાબ એક જ દૃષ્ટિકોણથી આપવાને બદલે તેઓ પ્રત્યેક સમસ્યાના જુદાં જુદાં પાસાં પર પ્રકાશ પાથરી ઉત્તર આપે છે. આ રહ્યું તેનું એક જ્વલંત ઉદાહરણ.

**પ્રશ્ન :** ''ધારો કે મારે કોઈની સાથે ધંધાકીય લેવડદેવડ થાય અને એ વ્યક્તિ મને મારા પૈસાના પ્રમાણમાં ઓછું આપીને મને છેતરી જાય તો? તો શું મારે કોર્ટ-કચેરી કરવાં એ સારું ગણાય કે પછી મારે હાથ ખંખેરી નાખવા ને મૂંગા રહેવુ સારું ગણાય?''

**માતાજી :** ''કોઈ કોઈ એમ માને કે આને જો હું પાઠ નહીં ભણાવું તો એ તો આમ ને આમ છેતરપીંડી કર્યા જ કરશે અને વધુ ને વધુ બગડતો જશે એટલે એ લોકો કોર્ટ-કચેરી કરે.

પરંતુ એની સામે જોવાની એક બીજી રીત પણ છેઃ ''આ મને છેતરનાર ખરેખર છે કોણ? આ બધાં સ્વરૂપો, સઘળા જીવો, સર્વ એમનાં જ પ્રકટ રૂપો નથી શું? હું જેનાથી વંચિત થઈ ગયો તે ખરેખર મને

મળવાનું જ નહીં હોય, તે મારું નહીં હોય તેથી મારા વ્હાલાએ મારી પાસેથી લઈ લીધું.

ગુનેગારની સાથે કામ પાડવાની એક ત્રીજી રીત પણ છે. એનું ઉદાહરણ આ દૃષ્ટાન્તકથા દ્વારા મળે છેઃ "એક સાધુની કુટીરમાં ઘૂસીને એક ચોરે જે કંઈ મળ્યું તે ચોરી લીધું. ચોરીનો માલ લઈને એ ભાગતો હતો ત્યાં સાધુ પાછા ફર્યા. દૂરથી તેમણે એ ચોરને માથા પર આ બધો સામાન લઈને જતો જોયો. એ દોડતા દોડતા ચોરની પાછળ ગયા, બૂમો પાડીને કહેવા લાગ્યા; 'એ ભાઈ, ઊભા રહો. તમારે બીજી વસ્તુઓ પણ જોઈતી હોય તો લેતા જાઓ. તમારે આ કામનું છે? પેલું જોઈએ છે? અને ફલાણું - ઢીકણું પણ જોઈએ છે?' ચોર આ સાંભળીને આભો જ બની ગયો. સાધુના પગમાં પડી ગયો અને પોતે તેમનો શિષ્ય બન્યો."

આ સમસ્યાને જોવાની એક ચોથી પદ્ધતિ પણ છે, 'ગુનેગારને સજા કરવી એ શું મારું કામ છે?' તે માટે બીજી કથા સાંભળોઃ

"એક દિવસ શ્રીકૃષ્ણ ભગવાનનો એક ભક્ત પોતાના વ્હાલા કાનુડાનાં ધ્યાનમાં મસ્ત બનીને જતો હતો. આજુબાજુ શું છે તેનો તેને સહેજ પણ ખ્યાલ ન હતો. બેધ્યાનપણે એનો પગ એક ધોબીએ ધોઈને સૂકવેલા કપડા પર પડી ગયો. "કપાળમાં આંખો છે કે નહીં?" એ ધોબીએ ગુસ્સે થઈને બરાડો પાડ્યો. લાકડી લઈને ભક્તને માર મારવા માટે તે તૈયાર થયો.

એ વખત ભગવાન રુકમણીજી સાથે ભોજન લેવા બેઠા હતા. કૂદકો મારીને ઊઠ્યા અને કશું જ બોલ્યા વિના જઈને થોડી વારમાં પાછા આવ્યા. "હે પ્રભુ!" રુકમણીએ પૂછ્યુંઃ "તમે જમતા જમતા ઊઠીને ક્યાં જઈ આવ્યા અને આટલી ઝડપથી પાછા કેમ આવ્યા?" ભગવાન બોલ્યા; 'મારા એક ભક્તને લાઠીનો માર પડવાનો હતો તેથી હું તેની વહારે ધાયો પરન્તુ મેં જોયું કે એણે શત્રુ પર ફેંકવા માટે પથરો ઉપાડયો છે તેથી હું તરત જ પાછો ફરી ગયો. એ પોતે આત્મરક્ષણ કરતો હતો તેથી મારે દખલ કરવાની જરૂર રહી નહીં.'

"આ બાબતમાં હજુ એક પાસું ધ્યાનમાં લેવા જેવું છે. એકવાર

એક સંતને કોઈ કારણ વિનાં ગાળો પડતી હતી. તેમણે વિચાર કર્યો કે આને બિચારાને ખબર નથી કે આ કૃત્યની એને કેવી ભયંકર શિક્ષા થશે! તેથી તેમણે તેના ગાલે હળવેકથી તમાચો માર્યો જેથી તેને તેના કર્મની જે સજા મળવાની હતી તે હળવી થાય.

''અંતે, તમારી સાથે છેતરપીંડી કરનાર જો તમારો ભાઈ હોય તો તેની પ્રવૃત્તિને તમે છેતરપીંડી કહેશો ખરા? પોતાના જ ઘરમાંથી કંઈ લેવું એ કંઈ છેતરપીંડી નથી. પોતાનું છે અને પોતે જ લેનાર છે. બધા એક જ પિતાનાં સંતાનો નથી શું? બધા મનુષ્યો ભાઈ-ભાઈ નથી શું?

''તમને પોતાને આમાંથી જે કોઈ દૃષ્ટિકોણ સ્પર્શી જાય, તે તમે અપનાવો, તે પ્રમાણે વર્તો.''

**પ્રશ્ન :** ''ધારો કે કોઈને એમ થાય કે દુષ્ટને શિક્ષા થવી જ જોઈએ અને કોઈ કોર્ટે જાય અને વળી તે પોતે સત્‌ના માર્ગે ચાલનારો હોય તો તેને પોતાને કોર્ટ-કચેરી કરવાથી નુકસાન જ થાય ને?''

**માતાજી :** ''હા, કેમ કે તેમ કરવાથી તેનો પોતાનો અહંકાર પુષ્ટ થાય છે.''

❑ ◆ ❑

**અલ્મોડા :** જુન, ૧૯૫૪

વિદેશી કેળવણી પામેલ એક વયસ્ક સન્નારીએ માતાજીની મુલાકાત માગી. એ પોતે ખૂબ જ સંપન્ન હતાં અને નિઃસંતાન હતાં. પરંતુ બે બાળકોને દત્તક લઈને તેમની યથાશક્તિ કાળજી રાખતાં હતાં. નાનપણથી આધ્યાત્મિક જિજ્ઞાસા પ્રબળ હોવાને કારણે તેમણે તે વિષયક પુષ્કળ ચિંતન કર્યું હતું અને ઘણા સાધુસંતોની મુલાકાત લીધી હતી.

''માતાજી'' તેમણે કહ્યું; ''મારે આત્મસાક્ષાત્કાર કરવો છે, ત્વરાથી કરવો છે! હું તો વર્ષોથી તેની પાછળ છું અને હવે તો મારી ઉંમર વધતી જાય છે.''

''આત્મ-સાક્ષાત્કાર કાલબદ્ધ બાબત નથી. તમે તેને કાલમાં બાંધવા

શા માટે ઈચ્છો છો?'' માતાજીએ પ્રત્યુત્તર વાળ્યો.

''એ ગમે તે હોય. હું મરું તે પહેલાં મારે તેની પ્રાપ્તિ જોઈએ.'' તે સન્નારીએ આગ્રહપૂર્વક કહ્યું. ''હું ખરેખર કહું છું. મને કહોને, સાક્ષાત્કાર કેવી રીતે થાય?''

''તમારે બને તેટલું સ્થિર થવું અને એકાંતમાં ધ્યાન ધરવું.'' એવી સલાહ માતાજીએ આપી. ''પરંતુ તમારે સાક્ષાત્કાર જ કરવો હોય તો આ બાળકોની સંભાળ રાખવાની જવાબદારી તમે શા માટે માથે લીધી છે? એને કારણે તમારે સાંસારિક બાબતો પ્રત્યે કેટલું બધું ધ્યાન આપવું પડે છે?''

''પણ મારે સંસારમાંથી નિવૃત્તિ લેવી નથી. મને આ સ્થળે, આ સમયે સાંસારિક પ્રવૃત્તિઓની વચ્ચે સાક્ષાત્કાર શા માટે ન થઈ શકે?''

માતાજીએ ડોકુ ધુણાવ્યું; ''ન થઈ શકે. તેને આ રીતે જુઓ'' માતાજીએ સસ્મિત કહ્યું. ''જ્યારે તમારે પત્ર લખવો હોય ત્યારે કંઈ તમે જાહેરમાં લખતા નથી. તમે કાગળ કલમ લઈને એકલા બેસી જાઓ છો. લખાયા પછી તમે એ બધાને વાંચી સંભળાવો છો. તે જ રીતે આત્માનો સાક્ષાત્કાર થયા પછી સંસારની વચ્ચે રહેવું કે એકાંતમાં રહેવું એ પ્રશ્ન ઉદ્‌ભવતો નથી. પરન્તુ તમે તે માટે મથામણ કરતા હો ત્યારે તો એકાંત સેવન કરવું આવશ્યક છે.''

એક પંજાબી સન્નારી માતાજીનાં દર્શન કરવા આવ્યાં હતાં. ''તમે નિયમિત તમારો જપ કરો છો?'' માતાજીએ પૂછ્યું. ''હા, કરું છું'' તેમણે જવાબ આપ્યો, પણ મારું મન સ્થિર થતું નથી.'' ''તો પણ તમારે પ્રયત્ન છોડવો નહીં.'' માતાજીએ ચેતવણી આપી ''મારા છોકરા બહુ ઘોંઘાટિયા છે.'' તે સન્નારીએ ફરિયાદ કરી. ''હંમેશા એવું કરે છે એમ નથી. પણ જેવા પૂજા કરવા બેઠા કે તરત ધાંધલ-ધમાલ શરૂ થઈ જ સમજો!'' માતાજી જરાક હસતાં હસતાં કહે, ''ધારો કે તમે દરિયાકિનારે ઊભા ઊભા પાણીમાં જવાનો વિચાર કરો છો, તો શું તમે બધાં જ મોજાં શમી જાય ત્યાં સુધી રાહ જોઈ શકો?''

❑ ◆ ❑

માતાજીએ એક કૃષ્ણભક્તને કહ્યું; ''પ્રત્યેક સ્થળે, પ્રાણીમાત્રમાં કૃષ્ણને જોવાનો પ્રયત્ન કરો.'' પેલાએ જવાબ વાળ્યો કે જ્યાં સુધી પોતે હમણાં જેની પર ગુસ્સે થયો છે તેને લાગે-વળગે છે ત્યાં સુધી તે શક્ય નથી - હકીકતે એ માણસ તો મારાથી સહન જ થતો નથી.'' ''તમારા ખંડના એકાંતમાં શાંત રહેવું એ તો સહેલું છે.'' માતાજીએ કહ્યુ; ''જ્યારે તમારી શાંતિ હણી લે એવા લોકોની વચ્ચે તમે હો ત્યારે જ તમારી શ્રદ્ધા અને ભક્તિની કસોટીમાંથી તમારે પાર ઉતરવાનું છે.''

❑ ◆ ❑

૧૯૫૪ના જૂન માસમાં અલ્મોડામાં એક વ્યક્તિને 'માયા' શું છે તે અંગે જિજ્ઞાસા થઈ. ઘણી વાર એવું બને છે કે જ્યારે વિદ્વાનોની ઉપસ્થિતિ હોય ત્યારે પ્રત્યેક વ્યક્તિનું વક્તવ્ય જ્યાં સુધી પૂર્ણ ન થાય ત્યાં સુધી માતાજી કશું બોલે નહીં. આ વખતે પણ માતાજી બોલ્યાં તે પહેલાં જાતજાતના સિદ્ધાંતો અને અભિપ્રાયોની રજુઆત થઈ. માતાજી બોલ્યા; ''એક દિવસ'' મહર્ષિ નારદ શ્રીકૃષ્ણ પાસે આવીને કહેવા લાગ્યા; ''હે પ્રભુ ! આપની આ માયા ખરેખર શું છે?'' ''માયા?'' શ્રી ભગવાન કહે છે, 'બરાબર ! ચાલ મારી સાથે. આપણે ફરવા જઈએ.' થોડું ચાલીને આગળ ગયા ત્યાં એક ગામ દેખાયું. ભગવાન કહે 'હે નારદ મને તો તરસ લાગી છે. ક્યાંકથી થોડું પાણી લાવશો?' નારદજી તો પાણી લેવા ગયા. ભગવાન અહીં પ્રતીક્ષા કરે છે. નારદજી એક ઘરમાં પ્રવેશ્યા. ગૃહિણીએ પોતાની સુંદર કન્યાને પાણી લેવા મોકલી. એ પાણી લઈને પાછી આવી ને એની મા કહે છે : 'તમે આની સાથે લગ્ન કરો તો કેવું? એ તમને સુખી કરશે.'' નારદે વિચાર કર્યો કે એ છે તો ખરેખર સરસ. એટલે એમણે તો હા પાડી.

પછી એમને એક પુત્ર અને એક પુત્રી થયાં અને બધાં સુખેથી રહેવા લાગ્યાં. એક દિવસ ખૂબ વરસાદ પડ્યો. પૂર આવ્યાં. ઘરમાં પાણી ધસી આવ્યું. નારદજીએ બધા માલ સામાનનો ઢગલો કર્યો અને તેની ઉપર આખા કુટુંબને ચડાવ્યું પણ કાંઈ કારી ફાવી નહીં પાણી તો વધતું ગયું. અંતે છાપરે ચઢ્યાં પણ પાણી તો ત્યાં સુધી પહોંચ્યું. અંતે પોતાનું

કુટુંબ તરતું રહે એની મથામણ કરવી પડે એવી નારદજીની સ્થિતિ થઈ. પરિસ્થિતિ ભયજનક હતી. પહેલાં તો તેમનાં સાસુજી થાકી ગયાં અને ડુબી ગયાં. નારદજીએ મનોમન પોતાની જાતને આશ્વાસન આપ્યું; 'એ તો આમે ય ખર્યું પાન કહેવાય. ને પૂર ન આવ્યું હોત તો ય કંઈ ઝાઝું કાઢત નહિ' પછી દિકરીનો વારો આવ્યો. તોફાની જળ એને પ્રવાહમાં તાણી ગયું. 'હશે, કાંઈ નહીં, મારો દીકરો તો હજુ જીવે છે ને !' નારદજીએ વિચાર્યું. પછી તો દીકરો ય તણાઈ ગયો. 'હશે, વહુ છે તો કાલ સવારે બીજા છોકરાં થશે' એમ વિચારીને નારદજી મન મનાવવા લાગ્યા. પરંતુ પત્ની પણ થાકી હતી. એની પણ આ બધા જેવી ગતિ થઈ. નારદજી હવે એવા થાક્યા હતા કે મરણિયા થઈ ગયા હતા. શ્વાસ રૂંધાતો જતો હતો. બધા પ્રયત્નો છોડી દેવાની અણી પર હતા ત્યાં શ્રી કૃષ્ણ ભગવાનની સામે પોતાને ઊભેલા જોયા, 'અરે નારદ તમને તે શું થયું છે? ને મારું જળ ક્યાં છે?' ભગવાને મંદ મંદ સ્મિત કરતાં કરતાં પૂછ્યું. 'હે પ્રભુ ! તમારી માયા શું છે એ મને હવે સમજાયું.' નારદજીએ જવાબ આપ્યો.

❑ ◆ ❑

૧૯૫૪ના નવેમ્બર માસની ૬ઠ્ઠી તારીખે માતાજી મેરઠની મુલાકાતે ગયાં હતા ત્યારે થયેલી વાતમાંથી :

**એક સંન્યાસી :** ''એકમાંથી બહુ કેવી રીતે થયા?''

**માતાજી :** ''થયું તો કશું જ નથી. જે છે તે છે જ.''

**સંન્યાસી :** ''તો પછી જે દેખાય છે તે શું માત્ર દેખાવ જ છે?''

**માતાજી :** ''તમારાં પ્રશ્નમાં જ ઉત્તર સમાયેલો છે.''

❑ ◆ ❑

**પ્રશ્ન :** કશુંક એવું શું કરીએ કે આત્મ - સાક્ષાત્કાર થાય?

**માતાજી :** ''તે કશાથી ન થાય 'કશુંક' એટલે તો થોડુંક અમથું. કશુંક કરવાથી જે પ્રાપ્ત થાય તે તો અલ્પ હોય, ન હોવા બરાબર જ. પ્રભુ તો છે પૂર્ણ, અખિલ, અખંડ. વાદળ વિખેરાય ને તે પ્રકટ સામે જ હોય. હકીકતે આત્મા એક જ છે. દ્વૈતનુ કોઈ અસ્તિત્વ જ નથી.

મારું અને તારુંની દ્વૈતભાવનામાંથી દુર્બુદ્ધિ અને મૂઢતા જન્મે છે. પરિણામે દુર્ગતિ થાય છે, દુઃખ જન્મે છે, કષ્ટ પડે છે અને અંતે દુર્બોધ થાય છે, એટલે કે બધું સમજવામાં મુશ્કેલી પડવા માંડે છે. આ વિરોધ, આ દ્વન્દ્વ ખરેખર તો અંધતા છે.''

❑ ◆ ❑

**મુંબઈ :** નવેમ્બર ૧૯૫૪

સંયમવ્રત દરમિયાન બે ભક્તો દ્વારા પૂછાયેલા બે પ્રશ્નો અને તેના ઉત્તરો :

**પ્રશ્ન :** ''ભગવાને જ અહંકાર મૂક્યો. તેઓ જ તેને દૂર કરશે. શરણાગતિની શી જરૂર છે?''

**માતાજી :** ''તો પછી તમે પૂછો છો શા માટે? સ્થિર થઈ જાઓ અને કશુંજ કરવાનું બંધ કરો.''

**પ્રશ્ન :** ''સ્થિર થવાનું કઈ રીતે શક્ય બને?''

**માતાજી :** ''તેથી જ શરણાગતિની જરૂર છે.''

**પ્રશ્ન :** ''ઈશ્વર કોઈ કોઈ પર કૃપા કરે છે અને કોઈ કોઈ પર નહીં તો પછી સમાનતા અને ન્યાયની વાત કઈ રીતે થઈ શકે?''

**માતાજી :** ''તેને ગમે તેવું તે કરે.''

**પ્રશ્ન :** ''આપણા ભોગે તેને ગમે તેવું કરે એ તો કેવું કહેવાય ?''

**માતાજી :** ''જ્યાં સુધી આ 'આપણું' ને 'એનું', 'મારું' ને 'તારું' એવા એવા ભેદ છે ત્યાં સુધી તમે ફરિયાદ કરો છો, તેવું દેખાય છે. હકીકત તેઓ પોતે પોતાના હાથે જ તાળી પાડી ને પોતે જ તેનો અવાજ સાંભળે છે - એક જ આત્મા છે.''

❑ ◆ ❑

**પ્રશ્ન :** ''કર્મનાં ફળો શું પોતાને ભોગવવા જ પડે?''

**માતાજી :** ''ચોક્કસ''

**પ્રશ્ન :** ''ભગવાન બુદ્ધના પ્રિય શિષ્યોમાં એક મૌદ્‌ગલાયન હતા. તેમની વાત છે. એક દિવસ તેઓ ધ્યાનમગ્ન હતા ત્યારે કેટલાક લૂંટારાઓએ આવીને એમને લાકડીએ લાકડીએ માર માર્યો. અંતે તેઓ મૃત્યુ પામ્યા. કોઈએ ભગવાનને પૂછ્યું કે તમારા પ્રિય શિષ્યની આવી ગતિ શા માટે થઈ? તેમણે સ્પષ્ટતા કરતાં સમજાવ્યું કે પૂર્વ જન્મમાં પત્નીની દુષ્ટ સલાહને અનુસરીને તેમણે પોતાના માતાપિતાને ભોળવીને વનમાં લઈ જઈને તેમની સાથે જેવો વ્યવહાર કર્યો હતો તેવો જ આ જન્મમાં લૂંટારાઓએ તેમની સાથે કર્યો.

મારો પ્રશ્ન એ છે કે મૌદ્‌ગલાયને પૂર્વજન્મમાં કરેલા અક્ષમ્ય કર્મનું તેમને ભયંકર પાપ લાગે તે તો ખરું જ પણ તેમની કઠોર સાધનાથી પાપનાં અનિષ્ટ ફળો શું નષ્ટ ન થઈ જાય? તીવ્ર ભક્તિ અને સાધના દ્વારા અનિષ્ટ કર્મનું ફળ રદ કરવાનું શક્ય નથી શું?

**માતાજી :** ''જ્યાં સુધી સત્‌નો સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી તો કર્મનાં ફળ ભોગવવા જ પડે. જ્યાં સુધી કર્મ અને ફળનું ચક્ર ચાલુ છે ત્યાં સુધી કાર્ય-કારણની શૃંખલા પણ રહેવાની જ. કેમ કે નવાં નવાં કર્મબંધનો થયાં જ કરવાના અનંતકાળ સુધી આ ચાલી શકે. આનો કોઈ છેડો જ ન આવે. પરંતુ જ્યારે તમે એમનું સાધન છો, રમકડું છો, અને કર્તા તો તેઓ જ છે એવો અનુભવ થવા માંડે ત્યારે તમે નૈતિક જવાબદારીમાંથી મુક્ત થઈ જાવ છો. એ સ્થિતિ પ્રાપ્ત થયા પછી અગ્નિ તમને બાળી ન શકે, જળ તમને ડુબાડી ન શકે. પરંતુ આવી સ્થિતિ પ્રાપ્ત ન થઈ હોય છતાં તમે માત્ર મનથી વિચારો કે તમે એમનું સાધન છો તો અગ્નિ તમને બાળે અને જળ તમને ડુબાડે. તો પછી અગ્નિમાં કે જળમાં કુદી પડવું તે આત્મહત્યા કર્યા બરાબર કહેવાય.''

❑ ◆ ❑

મૃતાત્માની પાછળ થતી શ્રાદ્ધ ક્રિયા તેણે ફરી મનુષ્યદેહમાં આવતાર લીધો હોય તે છતાં પણ તેને પહોંચે કે કેમ તે અંગે કોઈએ પ્રશ્ન પૂછ્યો. ''તે પહોંચે જ'' માતાજીએ ઉત્તર વાળ્યો. ''મેં આ કથા સાંભળી છે: બંગાળના એક ગામમાં એક માણસને એક ફકીર સાથે બહુ બને. એક

દિવસ એ ફકીર એને મળવા આવ્યા. પેલો કહેઃ 'હું બહુ ભાગ્યશાળી છું. તમે આજે જ આવ્યા તે સારું થયું. હું સવારથી ભારે વિમાસણમાં છું. કદાચ મારી સમસ્યા તમે ઉકેલી શકશો. આજે સવારથી મને ફણસની તીવ્ર સુગંધ આવ્યા કરે છે અને મારા મુખમાં તેનો સ્વાદ સુદ્ધાં આવે છે મેં બગીચામાં બધેજ જોયું, અડોશપડોશમાં પણ નજર કરી, પણ મારા આ સંવેદનનું મૂળ ક્યાંય મળ્યુ નહીં. ક્યાંય પણ પાકું ફણસ દેખાતું નથી. વળી અત્યારે એની ઋતુ પણ નથી. જો કે કેટલાક બારમાસી ફળનાર ફણસનાં વૃક્ષ પણ હોય છે. હું આ સુગંધથી છૂટકારો મેળવી શકતો નથી તેમ જ મારા મનને બીજે વાળી શકતો નથી. તમે આનો કંઈ ખુલાસો કરી શકો તો કરો. ફકીર કહ્યું કે ચાલ મારી સાથે.

ફકીર તો તેને હોડીમાં બેસાડીને નદીને પેલે પાર લઇ ગયા. ત્યાંથી ચાલતા ચાલતા થોડે આગળ - ગયા ત્યાં એક અત્યંત વૃદ્ધ પુરુષને શ્રાદ્ધની વિધિ કરતા જોયા. તે પોતાના દિવંગત પિતાને ફણસ અર્પણ કરતા હતા. 'આ ગત જન્મમાં તારો પુત્ર હતો.' ફકીર બોલ્યા, 'તે વખતે તને ફણસ બહુ ભાવતા એટલે આ ઋતુ ન હોવા છતાં એણે ગમે તે રીતે ફણસ મેળવ્યાં છે. હવે તો તને સમજાયું ને?'

આ કથા દ્વારા એટલું સમજાય છે કે કોઇ પણ દિવંગત આત્મા માટે કરેલી પ્રાર્થનાની અસર થાય જ, પછી ભલે એણે બીજો જન્મ લઇને બીજો દેહ ધારણ કર્યો હોય.''

**પ્રશ્ન :** ''કોઈને સગાં-સંબંધી ન હોય અને તેની પાછળ કોઈ શ્રાદ્ધ ન કરે તો તેની ઊર્ધ્વગતિ કેવી રીતે થાય?''

**માતાજી :** ''મનુષ્ય જીવનના ચરમ લક્ષ્યને પામવાનો પુરુષાર્થ કરે તો તેની ઉર્ધ્વગતિનો આધાર તેની ક્ષમતા અને તેના પ્રયત્નોની તીવ્રતા પર છે. શ્રાદ્ધ કરીને પિતાનો માર્ગ સરળ બનાવવો એ પુત્રનું કર્તવ્ય છે. પુત્ર ન હોય તો કોઈ પણ સગા દ્વારા આ વિધિ થઈ શકે. દાખલા તરીકે પતિ દ્વારા પત્નીનું શ્રાદ્ધ થાય અને એ જ રીતે કોઇ પણ સગા દ્વારા. જો કોઇ લગ્ન ન કરે અને પ્રભુને પોતાનો એક અને એકમાત્ર આધાર માને અને પોતાની સઘળી ચિંતા એમને જ સોંપી દે તો પ્રભુ પોતે તેને ધ્યેય પ્રતિ ખેંચી લેશે. એક વાત ક્યારે ય ન ભૂલશો. હકીકતે એમના સિવાય કશું જ

અસ્તિત્વ ધરાવતું નથી, તમે જો એમ માનતા હો કે પત્ની, પુત્ર કે પતિ વિના તમારું કલ્યાણ કઇ રીતે થાય, તો તમારી ભૂલ થાય છે. જે સર્વના સર્જનહાર છે એમણે તેનાં બાળકો માટે પૂરેપૂરી વ્યવસ્થા કરી છે. યાદ રાખોઃ 'પિતા, માતા, સખા અને માલિક તે જ છે' ચિંતાને કોઇ કારણ નથી''

❑ ◆ ❑

૧૯૫૫ના ફેબ્રુઆરી માસમાં કેટલાક ઇટાલિયનો માતાજીનાં દર્શન કરવા માટે વારાણસી આવ્યા હતા. તેમાંના એકે પૂછ્યું; ''મારે માટે જગતની વચ્ચે રહીને પ્રવૃત્તિમય જીવન ગાળવું યોગ્ય છે કે પછી એકાંતમાં રહીને ચિંતન-મનન-ધ્યાન વગેરેમાં જીવન ગાળવું યોગ્ય છે?

**માતાજી :** ''જે કંઈ તમારી પૂરેપૂરી ઈચ્છાથી, દિલ દઈને કરો તે તમારે માટે યોગ્ય છે.''

બૌદ્ધ ધર્મશાસ્ત્રનો અભ્યાસ કરવા માટે ભારતમાં આવેલી એક પરદેશી સ્ત્રીએ પૂછ્યુંઃ ''મને કંઈ કહેવાનું છે?''

**માતાજી :** જે શિક્ષણમાં માનો છો તેનું જીવનમાં આચરણ કરો.'' ત્રીજી એક વ્યક્તિને જિજ્ઞાસા હતીઃ ''જે સમયે જે ન કહેવાનું હોય તે કહેવાઈ ન જાય તે માટે મારે શું કરવું?''

**માતાજી :** ''બોલતાં પહેલાં રાહ જુઓ. તમે થોડો સમય અટકવાનું રાખો જો તમને એમ લાગે કે ન બોલવું જ વધુ સારું છે અને તમે પછી તે બોલો જ નહિ''

''મને ખબર છે કે કેટલાક લોકોની ખરાબ અસર મારી પર પડે છે છતાં હું તેનો શિકાર બનું છું. તો આમાંથી બચવાનો કોઈ માર્ગ ખરો?''

**માતાજી :** ''તેમની સાથે જે સમય ગાળવો પડે તે ગાળાને બને તેટલો ટૂંકાવી નાખો.''

પ્રશ્ન કરનાર એક અમેરિકન અભિનેત્રી હતી. તેણે આગળ પૂછ્યું.

''સમયગાળો કઈ રીતે ટૂંકાવું? મારું કામ એવું છે કે મારે એમની સાથે સમય ગાળવો પડે એટલું જ નહીં પણ તેમની સાથે ખાવું પડે અને જીવવું પણ પડે.''

માતાજી : ''તો પછી તમે એમની અસરમાંથી કઇ રીતે બચી શકો? અગ્નિની સમીપે જઇએ તો ગરમીનો અનુભવ થાય કે નહિ? હાથ પર બરફ મૂકો તો હાથ ઠંડો થાય કે નહિ?''

''માતાજી ને મળવાનો લાભ મેળવીને અમે ધન્ય ધન્ય થઇ ગયાં'' રજા લેતાં લેતા એક વિદેશીએ કહ્યું.

માતાજી : ''ધન્ય થયા? કોઇ અન્યને મળો ત્યારે ધન્યતાનો અનુભવ થાય પરંતુ પોતે પોતાની જાતને મળો ત્યારે કેવળ આનંદ અને સુખનો અનુભવ થાય.''

— ◆ —